પરમ શક્તિ મંત્ર

ૐમાૐ

ૐ
મા
ૐ



ૐ
મા
ૐ

# આધ્યાત્મિક કેડી

તંત્રી - સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ૐ ।।

(વર્ષ ૨૭) ઓક્ટોબર - ૨૦૦૮ (અંક ૨)

|| ૐ મા ૐ ||          || જય ગાયત્રી મા ||          || ૐ મા ૐ ||

વર્ષ : ૨૭
અંક : ૨

# આધ્યાત્મિક કેડી

ઓક્ટોબર
૨૦૦૮

શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ-૩૮૦૦૧૫.



વાર્ષિક લવાજમ
રૂપિયા વીસ (૨૦/-)

પ્રકાશક
શ્રી કૈલાસબ્હેન એન. પરીખ,
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
'નિલોષા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦૦૧૫.

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧. | આત્મ શુધ્ધિનું અમોઘ શસ્ત્ર - સેવા - સેવાદિન | ૧ |
| ૨. | આધ્યાત્મિક પંથે પ્રયાણ કરવાનું છે - માનવતાદિન | ૨ |
| ૩. | "માનવતાદિન - ૨૦૦૮" | ૫ |
| ૪. | પ્રેમ જ્યોત પ્રગટાવીએ - ગુરુ પૂર્ણિમા | ૧૫ |
| ૫. | "ગુરુ પૂર્ણિમા મહોત્સવ - ૨૦૦૮" અહેવાલ | ૧૭ |
| ૬. | "માનવજીવનમાં મર્યાદા..." - રામનવમી | ૨૬ |
| ૭. | "પરમાત્મા ક્યારે અવતરશે ?" - જન્માષ્ટમી | ૨૭ |
| ૮. | જન્માષ્ટમીનો અહેવાલ | ૩૦ |
| ૯. | સમાચાર | ટાઈટલ ૩ |
| ૧૦. | વિદેશનો કાર્યયજ્ઞ | ટાઈટલ ૩ |


|| ૐ મા ૐ ||

visit us at :
**www.rajyoginarendraji.com**

## (૧) "આત્મ શુધ્ધિનું અમોઘ શસ્ત્ર - સેવા" - સેવાદિન

*પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી,* *તા. ૪-૯-૦૮*

*વ્હાલા આત્મીયજનો,*

આજે નિલોષાનો સેવાયજ્ઞ ત્રીસમાં વર્ષમાં પ્રવેશે છે. સેવાયજ્ઞની પવિત્ર ધૂમ્ર શેરોની નિલોષાની તીર્થભૂમિ મહેકી રહી છે, અને ૐ મા ૐ મંત્રોચ્ચારથી સમગ્ર વાતાવરણ આંદોલિત થઈ રહ્યું છે. નિલોષાના માનસિક સ્મરણ માત્રથી શ્રદ્ધાળુઓની સમસ્યાઓ સ્વાહા થઈ જાય છે, સમસ્યાઓ સુલઝાઈ જાય છે અથવા શમી જાય છે.

સેવાવૃત્તિ મનમાં જાગવી, સેવાનો ભેખ ધારણ કરવો, સેવા માટે આપણી પસંદગી થવી, સેવા માટે નિમિત્ત બનવું તે પણ પરમાત્માની કૃપા, પ્રેરણા અને આશીર્વાદથી જ શક્ય બને છે.

પરોપકાર વૃત્તિ જાગે, પ્રેરણા મળે અને સેવાની એ તકને આપણે તન, મન, ધનથી નિઃસ્વાર્થભાવે ઝડપી લઈએ ત્યારે પરમની અસીમ કૃપા આપણા પર વરસી રહી છે તેમ સમજી પરમાત્માનો અંતઃકરણથી આભાર માનવો જોઈએ અને આપણી સેવા સ્વીકારનાર વ્યક્તિનો ઋણ સ્વીકાર કરવો જોઈએ.

સેવા - પરોપકાર વૃત્તિ એ આત્મશુદ્ધિ કરવાનું અમોઘ શસ્ત્ર છે. સ્વાસ્થ, રાગ, દ્વેષ, મોહ, અહમ્ભાવથી મનને મુક્ત રાખીને જ સેવાકાર્યમાં પ્રવૃત્ત થવું જોઈએ.

આપણી વ્યક્તિગત આશાઓ, એષણાઓને ત્યજીને જરૂરિયાતવાળી કોઈપણ વ્યક્તિના હિતમાં આપણે આપણા સમય, શક્તિ અને સામર્થ્યને ઉપોયગમાં લઈએ ત્યારે જ તે કાર્ય પરોપકારનું - સેવાનું કહી શકાય.

**"પરોપકાર જેવું એકે પુણ્ય નથી અને પરપીડન જેવું એકેય પાપ નથી."**

આજકાલ સેવાના ક્ષેત્રમાં સેવાના અંચળા હેઠળ વ્યક્તિને માનનીય બનવાની, સન્માન અને પ્રતિષ્ઠા મેળવવાની, પોતાનો અને અંગત વ્યક્તિઓનો સ્વાર્થ સાધવાની મેલી, સ્વાર્થી મુરાદ હોય છે. આવા લોકો સાચા અર્થમાં સેવા કરતી શકતા જ નથી. સેવા કરવાના ખોટા બહાનાં જ બનાવે છે, પોતાના સાથીદારોને, બીજાઓને પોતાનાથી નીચા આજ્ઞાપાલક અને પોતાના અંગત સેવક બની રહે તેવી મેલી મુરાદ મનમાં રાખે છે.

**સાચા સંનિષ્ઠ સેવકો મોટાઈના મોહમાં ફસાતા નથી. ભલાઈ કર્યાનો, સેવા કર્યાનો કર્તા, પ્રેરણાદાતા સ્વયમ્ પરમાત્મા છે, પોતે તો માત્ર સાધન-નિમિત્ત માત્ર જ છે તેમ સમજે છે. આવા નિઃસ્વાર્થ ભાવે કરાતી સેવા પરમને પ્રિય છે અને ઉત્તમ પરિણામ આપે છે.**

**સંત સદ્‌ગુરુ, સજ્જનોની સેવા કરનાર વ્યક્તિ નમ્ર, નિરાભિમાની અને સાત્ત્વિક આચરણ કરનાર હોવો જોઈએ. સાચા અનુયાયી બનવા માટે સંત સદ્‌ગુરુના આદેશોને, આદર્શોને જીવનમાં અપનાવવા જોઈએ.**

મારા વ્હાલા બાળકો, સેવાના મર્મને, હાર્દને સમજીને પછી જ સેવાના ક્ષેત્રમાં પ્રવેશ કરશો તો આત્મશુદ્ધિનો માર્ગ સરળ બનશે.

**ૐ મા ૐ**

## (૨) આધ્યાત્મિક પંથે પ્રયાણ કરવાનું છે.... - માનવતાદિન

*પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી* *તા. ૭-૯-૦૮ રાધાષ્ટમી*

*વ્હાલા આત્મીયજનો,*

આજે માનવતાદિન છે. માતાજીના આદેશ અને માર્ગદર્શનથી પ્રારંભાયેલ સેવાયજ્ઞ તેત્રીસમાં વર્ષમાં પ્રવેશી રહ્યો છે. રાજયોગીજીની જીવનયાત્રા સિત્યોતેરમા વર્ષમાં પ્રવેશી રહી છે. મારી જીવનયાત્રાનું સુકાન માભગવતીના હાથમાં છે. મારા સમસ્ત અસ્તિત્વ અને વ્યક્તિત્વનું નિયંત્રણ માતાજી કરી રહ્યાં છે.

**માનવસેવાના ક્ષેત્રમાં વ્યક્તિનો સર્વાંગી વિકાસ થાય, જીવનના લક્ષ્ય તરફ પહોંચવાનો પુરુષાર્થ કરે અને જીવનયાત્રા દરમ્યાન સંસારની અને પોતાના કાર્યક્ષેત્રની ફરજો બજાવતાં બજાવતાં સુખ, શાંતિ અને સંતોષનો અનુભવ કરી શકે તેવો પ્રયાસ હું સતત કરતો રહું છું. માનવજીવનમાં સૂતેલી, નિષ્ક્રિય ચેતનાને સંકોરવાનો, જગાવવાનો પ્રયત્ન હું કરી રહ્યો છું. સમયની જરૂરિયાત મુજબ સેવાયજ્ઞની ક્ષિતિજો વિસ્તરતી ગઈ છે. સેવાયજ્ઞ પ્રણાલિમાં પરિવર્તનની આવશ્યકતા વર્તાઈ રહી છે.**

વૈશ્વિક સેવાયજ્ઞની સાથે સાથે શ્રદ્ધાવાન, પુરુષાર્થી વ્યક્તિઓને વ્યક્તિગત સંસારની ફરજો બજાવતાં બજાવતાં વિશ્વેશ્વરની સાથે અનુસંધાન સાધવાનો સરળ માર્ગ બતાવી આધ્યાત્મિક પંથે પ્રયાણ કરાવવું છે.

શ્રદ્ધાવાન વ્યક્તિની વ્યક્તિગત સ્વસ્થતા, શક્તિ અને ક્ષમતા અનુસાર ક્રમશઃ આધ્યાત્મિક સીડીના પગથિયાં ચઢવા પ્રેરિત કરવા છે. આશાવાદી, ઉત્સાહી અને દૃઢસંકલ્પ શક્તિ ધરાવતી વ્યક્તિનો આત્મિક વિકાસ કરવો છે, અવરોધોને વળોટાવવા છે. આધ્યાત્મિક પ્રગતિ કરવા માટે સ્વનિર્ભર કરવા છે.

વ્હાલા બાળકો - પ્રિયજનો, પ્રારબ્ધ કર્મ અનુસાર આપણને જે કંઈ જીવન, સગાંસહોદર, વાતાવરણ મળ્યું હોય તેને પરમની પ્રસાદી સમજીને તેને સાર્થક કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. આપણે વ્યક્તિગત રીતે જે તે ક્ષેત્રમાં જે કંઈ ફરજ બજાવવાની હોય તેનેપૂરી નિષ્ઠાથી, પ્રેમથી, પરમની પૂજા સમજીને અદા કરવી

જોઈએ. આસક્તિ અને અપેક્ષાને મનના પ્રદેશમાં નહિ પ્રવેશવા દઈએ તો મનમાં દુઃખ, ગ્લાનિ, હતાશા, નિરાશાનો સ્પર્શ થશે નહિં.

**જીવનની - સંસારની માયાનગરીમાં આપણે સતત સંઘર્ષ ખેલવાના જ હોય છે. મોહ, રાગ, દ્વેશ, આસક્તિ, અપેક્ષાના ઝેર આપણને ચઢે છે, પરંતુ નોળવેલ સમાન આપણી અંદર વિરાજીત પરમાત્માની દિવ્ય ચેતનાશક્તિનું સાનિધ્ય સેવીને, અંતર્મુખ થઈને પ્રાર્થના કરીએ. પરમની પ્રેરણાનું પિયુષ માયાના ઝેરને ઉતારી નાખશે. નોલિયાની જેમ નોળવેલરૂપી પરમાત્માની દિવ્ય સુવાસને મનમાં ભરી લઈએ, દિવ્ય પ્રેરણા શક્તિને શરીરના અણુએ અણુમાં પ્રવાહિત કરી દઈએ. સત્સંગ, સ્વાધ્યાય, નામસ્મરણ, નિયમિત ઉપાસના દ્વારા આપણી જીવન ચેતનાની બેટરીને ચાર્જ કરતા રહીએ. સંસારની સમસ્યાઓ તો સાગરની ભરતી જેવી ક્ષણિક છે. પરમનું શરણ જ સમસ્યાઓની "ભરતીને" "ઓટમાં" પરિવર્તિત કરી દેશે.**

આપણી આધ્યાત્મિક ઉન્નતિ માટે દૃઢ સંકલ્પ કરીને ડગ માંડીએ. અવરોધોના કાટાંઓ તો પગમાં વાગશે, શૂળ ભોંકાશે, પરમાત્મા આપણી શ્રદ્ધાની પરીક્ષા પણ કરશે સાથે સાથે પ્રેરણા પણ આપશે. આત્મવિશ્વાસથી આગળ વધીશું તો પરમાત્માનું ચુંબકીય ક્ષેત્ર આપણી ગતિ વધારી દેશે.

**વ્હાલા આત્મીયજનો, મારા સુલઝાવને જીવનમાં અપનાવજો. જીવન વિકાસમાં સમસ્યાઓનો અંધકાર વ્યાપી જાય ત્યારે જરાપણ વિચલિત થયા વગર થોડા વખત એકાંતમાં બેસી જાવ, મૌન ધારણ કરો, પરમાત્માને માર્ગદર્શન માટે પ્રાર્થના કરો, સહન કરવાની શક્તિ મેળવો, શ્રદ્ધાપૂર્વક કરેલી પ્રાર્થનાનો પ્રત્યુત્તર પ્રેરણા સ્વરૂપે, ગેબી સહાય સ્વરૂપે મળી રહેશે જ.**
**મારા આપ સર્વેને આશીર્વાદ છે.** **ૐ મા ૐ**

## આજે હવે મારે આપને એક મહત્ત્વની વાત કહેવાની છે

સપ્ટેમ્બર મહિનાનું પ્રથમ સપ્તાહ શ્રદ્ધાળુ ભાવિકોના મનમાં અને સમગ્ર અસ્તિત્વમાં ઉત્સાહ અને ઉત્સવનો માહોલ સર્જી દે છે.

માતાજી ક્યારે પધારશે ? શું પ્રસાદી આપશે ? સુવાસ ફેલાવશે ? પૂજ્ય ગુરુદેવને શું આદેશ આપશે ? શું પ્રસાદ આરોગશે ? વિગેરે અવનવી કલ્પનાઓમાંથી ઉદ્ભવતા પ્રશ્નોના પ્રત્યુત્તર સાંભળવાની ઈંતેજારી આપને હશે જ, પરંતુ....

માતાજી પહેલી સપ્ટેમ્બરે પધાર્યા હતા, પરંતુ મારા દિવ્ય સેનાપતિજીનો

આદેશ શિરોધાર્ય ગણીને મારે આપને કશું જ કહેવાનું નથી ! બત્રીસ વર્ષ સુધી માતાજીએ આપ સર્વેને બહુ લાડ લડાવ્યા. ઘણું બધું આપ્યું અને હજુ પણ આપતાં જ રહે છે, ફક્ત તેમાં થોડું પરિવર્તન આવ્યું છે.

૧૯૩૨ થી ૧૯૭૫ સુધી અપ્રગટ રહીને તેના રાજબાળને સજાવીને આપની સેવામાં સમર્પિત કરી દીધો. ૧૯૭૬ થી ૨૦૦૭ સપ્ટેમ્બર સુધીમાં અગણિત અનુભવો કરાવ્યા. પોતાની અંગત મનગમતી વસ્તુઓ, વાનગીઓ, રંગો, ફૂલો, શોખ વિગેરે બાબતો આપને જણાવી દીધી. જીવનમાં ભૌતિક પ્રશ્નો, સમસ્યાઓ તો સંસારસાગરની લહેરોની જેમ ઉદ્‌ભવવાના જ છે અને ક્રમશઃ સુલઝાતા પણ રહેવાના જ છે. જીવનના ધ્યેયને વળગી રહીને, લક્ષ્યને હાંસલ કરવાનો સમય હવે પાકી ગયો છે; પરમાત્માને મનગમતું વર્તન, આચરણ અને વ્યવહાર કરવાનો.

અત્યાર સુધી વિવિધ રીતે અપાતી પ્રસાદી, કરાતા વિવિધ અનુભવો માતાજીની તેમના રાજબાળ પ્રત્યેની પ્રેમવર્ષા હતી. લૌકિક જગતમાં પ્રસાદી, અનુભવો, આકર્ષણનું કેન્દ્ર બની જાય છે. માતાજીને હું વિનંતી કરતો જ હતો કે “આપશ્રી શ્રદ્ધાળુ ભક્તોને આપના અનુભવો કરાવો. આ ભૌતિક જગતમાં મારે કોઈ હોદ્દો, માન કે પ્રતિષ્ઠા, પદ જોઈતા નથી. આપનો શિસ્તબદ્ધ સેવક, સૈનિક અને રાજબાળ બની રહું, આપના આદેશોને અપનાવતો રહું તેવી જ કૃપા આશિષ અહર્નિશ વરસાવતાં રહેજો. આપ જ મારા સમસ્ત અસ્તિત્વનું સર્વસ્વ બની રહો.”

અંતમાં મા ભગવતીને મારી એક વિનંતી, પ્રાર્થના છે કે, મારી અનુપસ્થિતિમાં કોઈપણ વ્યક્તિ છળકપટ કરી પ્રસાદી પધરાવે કે અન્ય ચમત્કાર કરવાની કોશિષ કરી શ્રદ્ધાળુ લોકોનો ગેરલાભ ન લે તેવું વાતાવરણ નિર્માણ કરશોજી.

**જીવનમાં સફળતાની સોનેરી ચાવીઓ :**

**૧. ઓછું બોલો, સાંભળો વધારે.**
**૨. શિસ્ત અને સંયમમાં રહો.**
**૩. દરેક મનુષ્ય સાથે પ્રેમભાવથી વર્તો.**
**૪. માગ્યા વગર શિખામણ આપવાનું ટાળો.**
**૫. આર્થિક વ્યવહાર વિનયપૂર્વક કરો.**
**૬. ખુશામતથી દૂર રહો.**
**૭. માન અપમાનને મહત્તા ન આપો.**

આટલા સાત સુવાક્યો જીવનમાં ઉતારશો તો આપ સર્વના પ્રીતિપત્ર બની શકશો. છેલ્લા સત્તર વર્ષમાં મેં આપને જીવનના સર્વાંગી વિકાસનો સરળ રાહ બતાવી દીધો છે. આપ હવે મનન કરો, આચારણમાં ઉતારો દર મહિને પ્રગટ થતી

'રાજવાણી'માં મારા વિચારો વહેતા રહેશે.

પ્રસંગો - ઉત્સવોની ઉજવણીમાં પણ પરિવર્તન લાવવાનું જરૂરી લાગે છે. ગુરુપૂર્ણિમાના પ્રસંગે વ્યક્તિનો આર્થિક બોજ હળવો થાય તે હેતુથી યજ્ઞોપવિત સંસ્કાર તેમજ પરિણય સંસ્કાર વિધિ સંપન્ન કરી આપવામાં આવશે. અગાઉથી જાણ કરવી જરૂરી ગણાશે.

માતાજીના શિસ્તબદ્ધ સૈનિક તરીકે જીવનયાત્રા દરમ્યાન માતાજીના સામાજિક અને વૈશ્વિક સેવાના આદેશો મારા જીવનની પ્રાથમિકતા રહેશે.

**ૐ મા ૐ**

## (૩) "માનવતા દિન - ૨૦૦૮"

**(તા. ૭-૯-૨૦૦૮ના રોજ વિદ્યાર્થી લોહાણા ભવનમાં પરમપૂજ્ય રાજયોગી નરેન્દ્રજીના સાનિધ્યમાં ઉજવાયેલ માનવતા દિન મહોત્સવનો અહેવાલ.)**

માનવતા દિન એટલે પરમ પૂજ્ય રાજયોગીજીનો પ્રગટ્ય દિન... જેમનું જીવન માનવતા માટે જ સમર્પિત છે એટલે આ દિન 'કહેવાયો માનવતા દિન..' તા. ૬-૯-૦૮ના રોજ શ્રદ્ધાકૂટીરમાં આંનદોત્સવ છે. શ્રદ્ધા બંગલાના દ્વારે આસોપાલવનું તોરણ બંધાયુ છે. આસો મહિનો છેલ્લો મહિનો... અમ ભક્તોનો છેલ્લો સહારો... પાલવ પ્રભુ સદ્‌ગુરુ આપ જ છો. માટે આસોપાલવ... ચોકના આંગણે પણ તોરણ છે. મંદિરના દ્વારે તોરણ છે. કૂટીરના આંગણે આઠ ઝૂલનું તોરણ છે. અષ્ટમી એટલે આઠમે જન્મેલા બાળનો જન્મદિન છે. વચ્ચે હવાથી ભરેલા ફુગ્ગા બંધાયા છે. આજે સહુ આનંદથી, શ્રદ્ધાથી ફુલ્યા સમાતા નથી. ઝૂલાની ચારેય સાંકળ પર તોરણ છે. આ ઝૂલા પર બિરાજમાન ના ચાર સ્વપ્ન છે. માતનો બાળ, પરમેશ્વરીનો મોર, પરસનબાનો રાજા, અને ભક્તોના સદ્‌ગુરુ... ઝૂલાની આગળ પણ 'ૐ મા ૐ' લખેલ તોરણ છે. ઝૂલાની પાછળ '૭૭' સાત શબ્દ લખેલા છે બે બલુન લટકાવ્યા છે. જોગાનુજોગ બે સાત વચ્ચે પૂજ્યશ્રી બિરાજમાન છે. પહેલા સાતનો અર્થ છે કે, આજે સાત વ્યક્તિઓ આનંદમાં છે સ્વયમ્, પૂ.મમ્મીજી, પૂ.બહેનજી, પૂ.ઉષાબેન, પુત્ર-પુત્રી, પૌત્ર-પૌત્રી, પરિવાર અને ભક્ત પરિવાર, બીજા સાતનો અર્થ છે હાલમાં પૂજ્યશ્રીની સેવાઓના સાત ક્ષેત્ર, માનવસેવા, પ્રેતાત્મા મુક્તિ, ભૂકંપ નિવારણ, માનવતા વ્રત, સીમા સુરક્ષા, સુનામી નિવારણ અને મંદિર સુરક્ષા બંને સાતની વચ્ચે એક કેક લંડનથી વડેરા પરિવારે મોકલી છે. પૂજ્યશ્રીની પ્રિય રમત - ક્રિકેટના વિચાર સાથે કેક ઉપર પીચ, બંને બાજુ સ્ટમ્પ, આજુબાજુ ફ્લડ લાઈ, બેટ, બોલ વગેરે બનાવાયા છે. ખૂબ આકર્ષક અને મોહક કેક છે. કેક ઉપર પૂજ્ય ગુરુદેવ ને

જન્મદિન પ્રસંગે શુભેચ્છાઓ લખાય છે. બીજી કેક પૌત્ર પરિવારે ભાઈ કંદર્પના નેતૃત્વમાં બનાવરાવી છે. ખૂબ મોટી, આકર્ષક આ કેક પર પણ પૂજ્યશ્રીના જન્મદિન નિમિત્તે પ્રણામ લખાયા છે. ત્રીજી કેક અમેરિકાથી ભાઈશ્રી ભાવેશે (શ્રી વી.ડી. શાહના પુત્ર) મોકલી છે.

સાંસારિક ઉજવણીના ભાગરૂપે પૂજ્યશ્રીને આ કેક કાપવાની વિનંતી થઈ છે. જેના પેટમાંથી ભગવાનનું જનન નીકળે તેને 'જનની' કહેવાય... પૂજ્યશ્રીએ માત-પિતાની છબીને પ્રણામ કર્યા છે. દિપક પ્રગટાવ્યો છે. મીઠી સુવાસથી પરમેશ્વરીએ હાજરી પુરાવી છે. દિપક પ્રગટાવવાનો અર્થ છે. જીવન પ્રકાશમય હોય. તેજોમય હોય.... આપણા કર્મોથી, સ્વભાવથી, વર્તન, વ્યવહારથી આપણે સહુના હ્રદયમાં પ્રેમભર્યું સ્થાન પામીએ એ જ જીવનપ્રકાશ પૂજ્યશ્રીના આ સાંકેતિક જ્ઞાન માટે પૂજ્યશ્રીના ચરણોમાં આપણા સહુના પ્રણામ.

પૂજ્યશ્રીએ ૭-૩૫ વાગે કેક કાપી છે.ચારેય બાજુ હર્ષોલ્લાસનો તાળીનાદ થઈ રહ્યો છે. મુંજાલભાઈ સુંદર ગીત ગાય છે. "હે રાજમાત, રાજકુંવરનો જનમદિન ઉજવાતો..." પછી ભક્તોએ **HAPPY BIR TH-DAY TO YOU** ગાયું છે. ત્રણેય કેકમાંથી પૂજ્ય મમ્મીજીએ પૂજ્યશ્રીને કેક ખવડાવી છે. હવે પૂજ્યશ્રી અને મમ્મીજીની સમગ્ર પરિવાર સાથે પૂ.બહેનજી અને પૂ.ઉષાબહેને ત્રણ પ્રદક્ષિણા કરી છે. ત્રણ પેઢી આજે મોજુદ છે. આજે પરિવારે પૂજ્યશ્રી અને મમ્મીજીના ચરણસ્પર્શ કર્યા છે. હવે ગવાયું છે. "ગુરુદેવ તુમ્હારી જય જય હો" ભક્તો અતિ આનંદિત છે. આ આનંદના પ્રતિસાદમાં પૂજ્યશ્રી નર્તન કરતા કરતા ચોકમાંથી પોતાના આસન ઝૂલા પાસે પધાર્યા છે. હર્ષનાદ, તાળીનાદ અને નર્તનનાદથી સમગ્ર વાતાવરણમાં આનંદ છવાઈ ગયો છે, ત્યારે મુંજાલભાઈએ ગાયું છે "જેના રોમેરોમ ૐકાર છે રે એવા સદ્ગુરુ મારા પ્રભુનો અવતાર છે રે" ગીતના સુંદર શબ્દો, મધુર કંઠ અને વાદ્યવૃંદનો લયબદ્ધ તાલ-ભક્તોના પ્રેમઉદધિને ઉછાળે છે.

બાળપણથી સુવાક્યોની રચના અને સંગ્રહ કરવાના શોખનું સ્મરણ કરતાં પૂજ્યશ્રીએ કહ્યું કે, મારાં કેટલાંક વાક્યો તો આજે પણ યાદ છે જેમકે Duty and today are ours, Result and futurity belobngs to God. અર્થાત્ ફરજ અને વર્તમાન આપણો છે. પરિણામ અને ભવિષ્ય તો પરમાત્માના હાથમાં છે તેઓએ રવિન્દ્રનાથ ટાગોરનું વાક્ય કહેતાં કહ્યું કે, Come to me and see Her face in the tears of my eyes. પૂજ્યશ્રીના ઉચ્ચ વિચારો ને સલામ

હવે કંદર્પ અને દેવાંગનાએ પણ દાદાને... પૂજ્યશ્રીને કેક ખવડાવી છે. પછી

પૂ.બહેનજી, પૂ.મમ્મીજી અને પૂ. ઉષાબહેને પણ કેક ખવડાવી છે. બધા જ ભક્તોને કેક નો પ્રસાદ અપાયો છે. પૂ.બહેનજીએ કહ્યું કે, તા. ૪-૯-૦૮ના રોજ નિલોષામાં માતાજીએ આરોગેલ પ્રસાદ બધાને આપવામાં આવશે. સહુ ભક્તોને આ વિશેષ પ્રસાદથી ખૂબ આનંદ થયો.

ત્રણ ઓમકાર, ૨૭ પરમશક્તિ મંત્ર, પરમશક્તિની આરતી અને નવસૂત્રના પઠન સાથે રાત્રે ૮-૩૦ વાગે આજના આનંદોત્સવને વિરામ અપાયો છે. ત્યારે ભક્તોને કૂટીરના સત્સંગ સાથે બર્થ ડે પાર્ટીમાં જઈ આવ્યાની અનુભૂતિ છે '૭૭' વર્ષની આયુએ પૂજ્યશ્રીમાં ચેતના, ઉત્સાહ, આરોગ્ય અને માતાજીમાં શરણાગતિના સ્તરને અમારાં સહુના કોટી કોટી વંદન....

આજે તા. સાત મી સપ્ટેમ્બર પૂજ્યશ્રીનો જન્મદિન. જોગાનુજોગ આજે રાધાષ્ટમી પણ છે. તારીખ અને તિથિ બંને પ્રમાણે પૂજ્યશ્રીનો જન્મદિન છે. વળી આજે Friendship Day પણ છે. વિદ્યાર્થી લોહાણા ભવનના હોલને સુંદર સજાવાયો છે. પૂજ્યશ્રીની બેઠક પાછળ એક વિશાળ તસ્વીર રખાઈ છે જેમાં ૯-૩-૦૮, ખોખાનાથ મહાદેવમાં યજ્ઞ, ૧૯-૧૦-૦૭ નવરાત્રિની આઠમ, પૂણા-કુંભારીયાના યજ્ઞની તસ્વીરો, પૂજ્યશ્રીના માત-પિતાની તસ્વીર, જન્માષ્ટમીના પ્રસંગની તસ્વીર, મનેષભાઈ એ બનાવેલ તસ્વીર પ્રદર્શનની તસ્વીરો વગેરેનું સંયોજન છે. અદ્‌ભુત વિચાર, પ્રસંગ, પસંદગી અને તસ્વીરોની ગોઠવણી, મનેષભાઈની કોઠાસૂઝ તથા કલાસૂઝના દર્શન કરાવે છે. મનેષભાઈને ખૂબ ખૂબ અભિનંદન. વચ્ચે '૭૭' આંક મૂકાયો છે. બંને બાજુ ત્રણ ઝૂલના તોરણ છે. આગળ એક સુંદર આડશ બનાવાઈ છે જેના પર ફુગ્ગાથી '૭૭' નો આક લખાયો છે.

બરાબર ૯-૩૫ વાગે પૂજ્યશ્રી પધાર્યા છે. અતિ આકર્ષક વસ્ત્રાલંકાર, મોહક મુખારવિંદ, સિત્યોતેર વર્ષે પણ શક્તિશાળી અને પ્રભાવશાળી પગલાં, N પેન્ડલવાળી સુંદર ચેઈન, મોજડી વગેરેમાં પૂજ્યશ્રીનું રૂપ અને સ્વરૂપ અતિ મોહક ભાસે છે. સાથે પૂ.બહેનજી, પૂ.મમ્મીજી, તથા પૂ.ઉષાબહેન છે. 'સદ્‌ગુરુ દેવ કી જય' નો પ્રચંડ હર્ષનાદ અને તાળીનાદ થયો છે. છડી પોકારાઈ છે. આશિષ આપતા હસ્તથી પૂજ્યશ્રીએ પ્રણામ કરતાં અનેક ભક્તોના આનંદનો સ્મિત સાથે પ્રતિસાદ આપ્યો છે.

પૂજ્યશ્રીએ મનેષભાઈ દ્વારા નિર્મિત આ વિશાળ તસ્વીરનું અવલોકન કર્યું છે. પૂ. પરસનબાની તસ્વીર લગભગ ૫૦ વર્ષની આયુ વખતની છે. પૂ.બાપુજી અને પૂ.બા.ની આ મોહક તસ્વીરને પ્રણામ થઈ જાય. પૂજ્યશ્રીની વિશાળ તસ્વીર પણ

અતિસુંદર છે. પૂજ્યશ્રીએ આસન ગ્રહણ કર્યું છે. પૂજ્યશ્રીના ચરણ આવરણને શ્રી મનેષભાઈ તથા હેમંતભાઈએ દૂર કર્યા છે. આપણે સહુ સદનસીબ છીએ કે, આજે પૂજ્યશ્રીના ખુલ્લા ચરણને સ્પર્શ અને પ્રણામ કરી શકાશે.

બરાબર ૯-૫૦ વાગે પૂ.બહેનજીએ ગુરુવંદનાના શ્લોક ગાયા છે. સહુ ભક્તો સાથે જોડાયા છે. પછી નરેન્દ્રઅષ્ટકનું ગાન થયું છે અને બરાબર ૧૦-૦૦ વાગ્યાથી ચરણસ્પર્શ અને નમનનો કાર્યક્રમ શરૂ થયો છે. અસ્ખલિત વહેતી ભક્તોની કતારમાં કેટલાય ભક્તો પૂજ્યશ્રીને જન્મદિને પ્રણામ કરવા અને અભિનંદન આપવા પ્રતીક્ષા કરી રહ્યાં છે. સતત એક વાગ્યા સુધીમાં લગભગ ૧૨૬૦ ભક્તોએ પૂજ્યશ્રીના ચરણસ્પર્શનો પુણ્યલાભ લીધો છે. એક વાગે ભાઈશ્રી કંદર્પ તથા પ્રણવે પૂજ્યશ્રીને મોજાં પહેરાવ્યા છે અને પૂજ્યશ્રી ચરણવંદના કાર્યક્રમને વિરામ આપી હોલમાંથી પધારી ગયા છે. ભક્તોમાં ખૂબ ખૂબ આનંદ છે. આખાય ગુજરાત, મહારાષ્ટ્ર અને વિદેશોમાંથી ભક્તો આ લાભ લેવા પધાર્યા છે. સદ્ગુરુમાં શ્રદ્ધા અને આદરથી તેઓને જરાય થાક લાગતો નથી.

બપોરે ૨-૪૫ વાગે સત્સંગ કાર્યક્રમનો પ્રારંભ કરાયો છે. “મુજે સદ્ગુરુ નાથ મહાન મિલે ફિર તુફાનોં સે ક્યા ડરના”નું સુંદર ગીત ગવાયુ છે. હોલમાં બેઠેલા ભક્તોને પૂજ્યશ્રીના આગમનની પ્રતીક્ષા છે. ગાયકવૃંદ અને વાદ્યવૃંદનો સમન્વય, મધુર કંઠ અને તાલથી વાતાવરયમાં પ્રસન્નતા છે. હવે ગવાયું છે. “મૈં તો બાવરી શ્રીનાથજી, મૈ તો બાવરી ગુરુદેવકી” ખૂબ જ સુંદર ગીતથી ભક્તો ઝૂમી ઊઠ્યા છે. બરાબર ૨-૫૫ વાગે પૂજ્યશ્રી પધાર્યા છે. પૂજ્યશ્રીનું રૂપ નિહાળી ભક્તો આનંદથી તાળીઓ પાડી ઉઠ્યા આજના વસ્ત્રાલંકારોમાં તેઓશ્રી રાજમહારાજ સમ ભાસે છે, અને તેઓ પરસનબાના રાજા જ છે ને ! માતનો રાજકુંવર છે.

પૂજ્યશ્રી સાથે પૂ.બહેનજી, પૂ.મમ્મીજી તથા પૂ. ઉષાબહેન પણ પધાર્યા છે. પૂજ્યશ્રીએ ભક્તોના પ્રણામનો પ્રતિસાદ, આશિષ આપતા હસ્તથી આપ્યો છે. ભક્તો અતિ આનંદમાં છે. ‘સદ્ગુરુ દેવ કી જય’ નો ગગનભેદીનાદ કરાયો છે. છડી પોકારાઈ છે. સતત્ કરતાલનાદથી પૂજ્યશ્રીનું અભિવાદન કરાયું છે.

મુંજાલભાઈએ ગુરુપૂજાના શ્લોક, “બ્રહ્માનંદમ્ પરમ સુખદમ્” નું ગાન કર્યું છે. “ગુરુબ્રહ્મા ગુરુવિષ્ણુ”ના શ્લોકગાન પછી તેઓએ કહ્યું કે, સમગ્ર જગતના શિષ્ય સમુદાયના ગુરુપિતા એવા પૂજ્યશ્રીનો લૌકિક જગતમાં પ્રાગટ્યનો દિવસ છે. પૂ.પરસનબાની કૂખેથી પ્રગટેલા આધ્યાત્મિક તેજનો પ્રાગટ્ય દિન છે. આપણી ભાષામાં જનમદિન છે. સદ્ગુરુ જન્મોજન્મ શિષ્યોની આંગળી ઝાલી પરમ સુધી લઈ

જાય તેવી પ્રાર્થના કરતાં કહ્યું કે, પૂજ્યશ્રી માતના મોર છે ત્યારે....

**સ્મિત મળે તો ટહૂકા છે,**
**આ પ્યાર મળે તો ટહૂકા છે...**
**અવતારની સાથે યુગે યુગે તાર મળે તો ટહૂકા છે....**

હવે પૂજ્યશ્રીને એક ગીત દ્વારા જન્મદિનના અભિનંદન અપાયા છે. ગીતના શબ્દો છે "અભિનંદન, અભિનંદન, જનમદિનના અભિનંદન..." ખૂબ સુંદર શબ્દભાવથી ભક્તો આનંદમાં આવી ગયા.

હવે મુંજાલભાઈએ કહ્યું કે, પૂજ્યશ્રીની પ્રત્યેક ક્ષણ સેવામાં તથા બાળકોનું ક્ષણે ક્ષણે રક્ષણ કરવામાં વપરાય છે. જેને અનુભૂતિ થઈ છે તેવા શ્રીમતિ પૂર્ણિમાબેન (ભગતજી) હવે ભાવોર્મિ રજૂ કરશે.

કુ. પૂર્ણિમાબહેને પૂજ્યશ્રીના બાળપણ, યુવાની અને જનમના કેટલાક પ્રસંગોનું બયાન કરીને પૂજ્યશ્રીના આધ્યાત્મિક અને સંસ્કાર સામર્થ્યનું સ્મરણ કરાવીને પૂજ્યશ્રીને જન્મદિનના અભિનંદન અર્પણ કર્યા ને પ્રણામ કર્યા.

આજે સવારે પૂજ્યશ્રીના અનન્ય ભક્ત શ્રી નારણભાઈ કડીયા કે જેઓ ચિત્રકાર છે. તેમણે ૧૮૦ કલાકની જહેમતથી બનાવેલ એક સુંદર ચિત્ર પૂજ્યશ્રીને અર્પણ કર્યું છે. પૂજ્યશ્રીના દરેક જન્મદિવસે કોઈક નવા વિચાર આધારિત તેઓ ચિત્ર બનાવે છે. આજના ચિત્રમાં તેઓએ લખ્યું છે કે, "સેવા તણી હાકલ માતની" "તારા શિસ્તબદ્ધ સૈનિકની સલામ.." આજના આતંકવાદથી ભયભીત વાતાવરણમાં પૂજ્યશ્રીને પ્રાર્થના કરાઈ છે કે, આના નિયંત્રણ માટે માતાજીને પ્રાર્થના કરો. કર્નલના ડ્રેસમાં "ૐ મા ૐ" ની નેઈમ પ્લેટ સાથેની તેઓની તસ્વીરમાં તેઓ માતાજીને સલામ કરી રહ્યાં છે. સિપાહીવાળી મુખમુદ્રામાં ખભે બંદુક સાથે તેઓ જવાંમર્દ સિપાહી ભાસે છે. ભારતનો ત્રિરંગો દર્શાવ્યો છે. અને 'ૐ મા ૐ' કલાત્મક રીતે લખાયું છે. પૂજ્યશ્રીને પ્રેમભાવ અર્પણ કરતાં આ કડીયા દંપતી ગદ્ગદિત થયાં છે. શ્રીનારણભાઈને ખૂબ ખૂબ અભિનંદન અને તેમના પરિશ્રમને સલામ... આ ચિત્ર પૂજ્યશ્રીની બેઠકની પાછળ સુંદર રીતે રખાયું છે.

હવે મુંજાલભાઈએ કહ્યું છે કે, હે નાથ, તમને વંદન અને અભિનંદન.... એક સુંદર ગીત દ્વારા તેઓએ પૂજ્યશ્રીને જન્મદિનના પ્રણામ કર્યા... શબ્દો છે "હે લેજો મારા સદ્ગુરુ સરકાર, જન્મદિનના અભિનંદન- વંદુ આજે વારંવાર જન્મદિનના અભિનંદન." આ ગીત બધાને ખૂબ ગમ્યું.

હવે શ્રી રમેશભાઈ બારોટે પોતાની ભાવોર્મિ રજૂ કરતાં કહ્યું કે,

- શત શત નમન તમારા જનમને, વધાયે, આવી 'મા' સાક્ષાત્ !
  સદ્‌ભાગી નિહાળીએ તમને સદેહે, ચર્મચક્ષુ શું જાણે દિવ્યતાની વાત !
- પ્રસિદ્ધિ પ્રશંસા છોડી પાછળ, રાજે સુણ્યો માનવતાનો સાદ
  માનવી આવે માથે ઓઢી રાત, દ્યો છો તમે એને ઉજળું પ્રભાત

તેઓએ કહ્યું કે, પરમાત્માના પ્રદેશમાં એક જ ભાષા છે અને તે છે પ્રેમની ભાષા.... રમેશભાઈની ભાવોર્મિ બધાને ખૂબ ગમી..

હવે મુંજાલભાઈ એ કહ્યું કે,

છો સમરાંગણનું દર્દ મળે, જો હરિ બની હમદર્દ મળે.
ગાંડીવ હશે, પણ ગીતાનો ગાનાર મળે તો ટહૂકો છે.

હવે મુંબઈના શ્રી અજેયભાઈ નેવાસ્કર તથા અશ્વિનભાઈ રાજકોટીય એ સુંદર લઘુનાટિકા રજૂ કરી. "નારદ V/s નારદ" પરમશક્તિ મંત્રનો પ્રભાવ અને દાતા પરમ પૂજ્ય રાજયોગીજી ના સામર્થ્યને ખૂબ સુંદર રીતે રજૂ કર્યા... સ્વર્ગલોકના નારદ અને પૃથ્વીલોકના નારદ વચ્ચેના સુંદર સંવાદોથી તેઓએ બધાને ખૂબ હસાવ્યા. અને નાટિકાના અંતમાં ખૂબ સુંદર નર્તન કર્યું. ગીતના શબ્દો હતા... "ટહૂકા કરતો જાય મોરલો" બંનેને અભિનંદન.

હવે પૂજ્યશ્રીના અનન્ય ભક્ત, ડો. તપસ્વી નાંદી સાહેબે અમેરિકાથી એક સુંદર ભાવોર્મિ સંસ્કૃતમાં લખી મોકલી છે. તેઓ મરણતોલ બિમારીમાંથી માત્ર પૂજ્યશ્રીના આશીર્વાદથી નવું જીવન પામ્યા છે. તેઓની આખી રચના ખૂબ સુંદર છે કેટલીક પંક્તિ

શાન્તાકારં ત્રિગુણજયંતિ લોકનાથં નરેન્દ્રં
વિશ્વાધારં ગગનસદેશ યોગિનામપ્યગમ્યં
સાધ્વી-કાન્તં કમલનયનં યોગિનામપ્યગમ્યં
વન્દે તં તુ ભવ-ભય હરં ભક્તિસાધ્યં નરેન્દ્રં ॥

પ્રશાન્ત આકારવાળા, ત્રણે ગુણોને જીતનાર, ત્રિલોકના સ્વામી, રાજયોગી નરેન્દ્રજી - જે વિશ્વનો આધાર છે, ગગન જેવા વ્યાપક છે, શુભ વર્ણ ના છે તથા શુભ અંગો ધરાવે છે. સાધ્વી શ્રી કુસુમબેનના પ્રિય ભરક્તા, કમળ, સમાન નેત્રોવાળા તથા યોગીઓ વડે પણ અગાથ છે. આપશ્રી સંસારભય ને હરનારા તથા ભક્તિ વડે સાધ્ય છે, તેમને વંદન કરું છું.

હવે મુંજાલભાઈએ 'સેવાદિન' નિમિત્તેની તેમની ભાવોર્મિ રજૂ કરી.....

"પ્રાચીએ પ્રાગટ્ય પામતી, પાવનકારી એક ઉષાના સહવાસે,

સંસાર સરોવર કાંઠે, નમણું નલિન એક મલકાયું,
નલિન-ઉષાના એ સહયોગ-સેવાયોગે,
જગ-જનનીનું મમતા, ભીનું, કાળજડું છલકાયું....
પ્રગટી 'મા' એ પૂછ્યું નિલ-ઉષા હે !
માંગો જે માંગે તે આપું.
નીલકંઠના નેહ નીતરતા, માંગ્યા કેવળ ટહુકા.... ત્યારે
માવલડીએ આખે આખો મોર દઈને કીધું....
લ્યો દઉં છું તમને, મુંજ વ્હાલપની વર્ષાનો છડીદાર,
એના રોમેરોમ ૐકાર, એના ટહૂકે અમરતધાર,
દેજો સેવામાં સહકાર, નિલોષાનો જગમાં જય જય કાર..

શ્રી મુંજાલભાઈની શબ્દરચના, ભાવ અને રજૂઆત અત્યંત પ્રભાવશાળી રહ્યાં. તેમને ખૂબ ખૂબ અભિનંદન... અત્યંત સુંદર અને લોકભોગ્ય રચનાઓના તે જન્મદાતા છે. તેઓની રચનાઓ અત્યંત લોકપ્રિય હોય છે. હવે શ્રી હેમંતભાઈએ ભાવોર્મિ રજૂ કરતાં કહ્યું કે,....

સેવા શબ્દ પણ જ્યાં હરખાય, એ છે નિલોષા,
અને દુઃખી પણ જ્યાં મલકાય, એ છે નિલોષા.
સદ્‌ગુરુ સંગ જ્યાં માત હાજર, એ છે નિલોષા,
દુઃખ, દર્દ કે રોગ જ્યાં પસ્તાય એ છે નિલોષા.

તેઓએ માનવતાદિનની ભાવોર્મિ રજૂ કરતાં કહ્યું કે,.....

સાતનો સાથ ને સાત જનમનો સંગાથ બીજું જોઈએ શું ?
રાખજો આપના સ્નેહ શરણમાં ને ચરણમાં, બીજું માંગીએ શું ?

ભક્તોને આ બંને ભાવોર્મિ ગમી...

હવે રાજકવિ શ્રી સતિષભાઈએ કેટલીક ભાવોર્મિ રજૂ કરતાં કહ્યું કે, આજે '૭૭' મા વર્ષનું આગમન ! જગત ધન્ય થયું છે. સંસારી તરીકે વર્ષગાંઠના અભિનંદન. શરણાર્થી તરીકે પ્રાર્થના.. ભક્ત તરીકે ભીનો ભાવ.. માનવી તરીકે પ્રભુને પ્રેમના પુષ્પો, રાજની જિંદગીની પળેપળને વંદન... અભિનંદન... આત્મવંદન ... જગવંદન...

સેવાદિન નિમિત્તે કહ્યું કે,

નિલોષા ! નમી શીશ તેથી રહ્યું છે. નર્યુ નાગદમન નરેન્દ્રએ કર્યું છે
કહું તીર્થ કે તીર્થરાજ નિલોષા મને કાશી-કેદાર સાથે મળ્યા છે.

બીજી ભાવોર્મિમાં તેમણે કહ્યું કે,.....

મીરાં, નરસિંહો, રાજયોગી દિવાના શ્રદ્ધા મહીં મેં દીઠા સૌ દિવાના...
પૂછું શું સુણ્યું, 'ૐ મા ૐ' કહેતા, મળ્યા રાજદરબારી એ સૌ દિવાના...

ત્રીજી ભાવોર્મિ રજૂ કરતાં કહ્યું છે કે,

"દવે" જો ઉંફરા ચાલ્યા તો પલટી વેદ થઈ આવ્યા.
જાગ્યા નર મહીંથી ઈંદ્ર તો માતા વેદની આવ્યા.
તમે કે'તા હતા સતીશ, રાજ ક્યાં રમી આવ્યા.
તૂટેલી ઝાંઝરીઓને વીણી લઈ ખીસ્સુ ભરી આવ્યા.

તેઓની ભાવોર્મિ બૌદ્ધિક રચના બધાને ખૂબ ગમી...

હવે મુંજાલભાઈએ કહ્યું, કે રાજ રસાવતાર છે આજે બે સાત ભેગા થયા છે. તો ક્રાંતિ થશે. સાત ને સાત વડે ગુણો તો ઓગણપચાસ અને ૪ + ૯ = ૧૩ આને માધ્યમ લઈને તેમણે સ્વરચિત ખૂબ સુંદર રચના રજૂ કરી...

કળિયુગે કાલી બનીને વર્તાવ્યો છે કેર,
નર્તન સાથે નાચ નાચજો, એના ફુંફાડા ને ઝેર
સિત્યુ સિત્યુ ઓગણપચાસ ચાર ને નવ તેર
અમે ઠેરના ઠેર....
એક કંસ શું પૂરતો નહોતો, કે આપ્યાં ધાડે ધાડાં ?
ને શ્વાસ બનીને શકટાસૂરો, ઉથલાવે છે ગાડાં
અને પૂતના ઘેર ઘેર જઈને, ધવરાવે છે ઝેર
એ પીવા ઓછામાં ઓછા, કૃષ્ણ જોઈએ લગભગ સિતોત્તેર
રાજ તમારી માવલડીના દૂધ તણી તાકાત બતાવી.
શોષી લ્યો આ ઝેર નહિતર ઘણા ઠેરના ઠેર...

ભક્તોએ આ રચનાને પ્રચંડ તાળીનાદથી વધાવી લીધી. ભાઈ મુંજાલને અભિનંદન. હવે મુંજાલભાઈએ પૂજ્યશ્રીને વચનામૃત માટે વિનંતી કરતાં કહ્યું કે,

**સિત્યુ સિત્યુ ઓગણ પચાસ ૪ ને ૯ તેર, હવે કરો બધા પર મહેર....**

સાંજે પૂજ્યશ્રીએ પોતાના આધ્યાત્મિક જીવનનાં કેટલાક પ્રસંગો કહ્યાં. શ્રી સતિષભાઈની ભાવોર્મિમાં હતું કે, "તૂટેલી ઝાંઝરીઓને લઈને ખિસ્સા ભરી આવ્યા." આનો પ્રત્યુત્તર આપતાં તેઓશ્રીએ કહ્યું કે, મારે ઝાંઝરીને વીણવાનો પ્રસંગ નથી આવ્યો. મેં તો માતાજીના પગની પાનીને ચુંબન કર્યું છે.... મંદિરની સુરક્ષા કરવા જતાં પહેલાં તેઓ માતાજી પાસે ગયા હતા. આવી સેવાનો આ પ્રથમ

પ્રયોગ હતો એટલે હું થોડો વિચલિત હતો. થોડો હતાશ પણ હતો અને મારા કાનમાં અવાજ આવ્યો. "સિંહ આજે શિયાળ થઈ ગયો ! મારા આયુધ લઈને નીકળી પડ..." અને પછી હું નીકળી પડ્યો.

બીજા પ્રસંગનું બયાન કરતાં તેઓએ કહ્યું કે, આશરે દસ વર્ષની ઉંમરે આ મામાના દીકરાઓ સાથે હું ગોધરાના તળાવે ન્હાવા ગયો હતો મને તરતા આવડતું નહોતું એટલે પગથિયા પાસે બેઠો હતો. અચાનક પગ લપસતાં હું પાણીમાં પડ્યો અને ડૂબવા લાગ્યો. ત્યારે એક સોનીના છોકરાએ મને બચાવ્યો હતો. કેટલાય વર્ષો પછી એ સોનીનો દિકરો અવળા રસ્તે ચઢી ગયો. ચોરી તેનો વ્યવસાય બની ગયો. એક દિવસ રાત્રે તે એક બહેનનો હાર તોડી ભાગ્યો. લોકોએ બૂમ પાડી. હું ઓટલા પર સૂતો હતો. દોડીને મેં એને પકડ્યો. જોયું તો આ તો એજ સોનીનો દિકરો જેણે મને બચાવ્યો હતો. મેં એને કહ્યું હાર આપીને ભાગી જા.... આમ મેં મારા પરના ઉપકારનું ઋણ ચૂકવી દીધું પછી તો તે સારે રસ્તે આવી ગયો હતો.

બીજો પ્રસંગ કહેતાં તેમણે કહ્યું કે, વેકેશનમાં તેઓ વિરપુર જતાં. એક દિવસ બા બહાર રસોઈ બનાવતા હતા. તેઓશ્રી અને બાપુજી જમવા બેઠા હતા અને વાવાઝોડાથી એક પતરું આવ્યું. તેઓના મસ્તકથી થોડેક ઉપરથી જ પસાર થઈને દિવાલમાં ભટકાયું. જો થોડેક નીચે હોત તો આ બનાવ જીવલેણ બની શકત. માતાજીએ બચાવ્યા.

આમ આજે પૂજ્યશ્રીએ ખુલ્લા દિલે અનેક વાતો કરી. એમના વચનામૃતમાં શિષ્યોને આધ્યાત્મિક સ્તરે ઉંચા લઈ જવાની તમન્ના અને પ્રબળ મહત્ત્વાકાંક્ષાના દર્શન થયા. તેમના શિષ્યો સંસારમાં સહુના પ્રીતિપાત્ર બને માટે તેમણે જીવનમાં સફળતાના સોનેરી સૂત્રો આપ્યા. ભક્તોને સાચી સેવામાં પ્રવૃત્ત થવા પ્રોત્સાહિત કર્યા અને માનવસેવાની સાચી દિશાના દર્શન કરાવ્યા. પૂજ્યશ્રીના વચનામૃતનો એક એક શબ્દ તેમના હ્રદયના ભાવ અને ભક્તભવ ઉધ્ધારના પ્રબળ પ્રયત્નોનું પ્રતિબિંબ પાડે છે. તેઓશ્રી આપણા સહુ માટે ઘણું બધું કરવા ઈચ્છે છે હવે આપણે એને માટે લાયક થવું રહ્યું તથા તેમના આદેશોનું સંકલ્પપૂર્વક પાલન કરવું રહ્યું.

સામાન્ય શિસ્તની વિરૂધ્ધ ગણાય છતાંય હવે પૂજ્યશ્રીએ ભાઈશ્રી રાજીવ વ્યાસને હાસ્યરસ પીરસવા આમંત્રિત કર્યા. હમણાંજ બતાવેલી જીવન સફળતાના સૂત્રોમાં "માન, અપમાનને મહત્તા ન આપવી" તેનું પાલન કરી બતાવ્યું. પૂજ્યશ્રીને આપણા સહુના કોટીકોટી વંદન...

ભાઈશ્રી રાજીવે બધાને ખૂબ હસાવ્યા આજે રાધાષ્ટમી હોવાથી દરેક સુદ આઠમે કુટીરમાં ગવાતા ગરબાનું આયોજન પણ અહીં જ કરવામાં આવ્યું. ભાઈશ્રી

મુંજાલ તથા ગાયકવૃંદે અને વાદ્યવૃંદે ખૂબ સરસ ગરબા ગવડાવ્યા અપેક્ષા ન્હોતી છતાંય ભક્તો મન મુકીને નાચ્યા છે. કોઈક પગમાં ઘુંઘરું બાંધીને, કોઈક હાથમાં મંજીરા લઈને, કોઈક કરતાલથી.. સહૂના સ્ટેપ અલગ, મુખમુદ્રા અલગ, ભાવ અલગ અને મસ્તી અલગ. આ નિજાનંદ ને નિરખવો એ પણ એક લ્હાવો છે. બહેનો પણ એક ગૃપમાં ગરબા, હીંચ વગેરે રમે છે. પૂજ્યશ્રીના સાનિધ્યમાં, વિદ્યાર્થી ભવનનો હોલ, ગોકુળ-વૃંદાવન બની ગયાં જ્યાં આજે પરમની મસ્તીમાં ભાવનર્તન થઈ રહ્યું છે.

સાંજે ૬-૨૦ વાગે ત્રણ ઓમકાર, ૨૭ પરમશક્તિ મંત્ર, પરમશ્કિતની આરતી અને નવસૂત્રના પઠન પછી આજના દિવસે પૂજ્યશ્રીના ચરણ સ્પર્શ અને ચરણવંદનથી વંચિત ભક્તોને આ લાભ આપવામાં આવ્યો. લગભગ ૩૫ થી ૪૦ ભક્તોએ પૂજ્યશ્રીના ચરણ સ્પર્શનો લાભ લઈ ધન્યતા અનુભવી.

હવે પૂજ્યશ્રી હોલમાંથી પધારવાના છે. અચાનક અપેક્ષિત રસ્તો છોડીને તેઓશ્રીએ હોલની ચારેબાજુ ફરીને આશીર્વાદ આપ્યા કહો કે પોતાના સુરક્ષા વર્તુળમાં સહુ ભક્તોને સમાવી લીધા પૂજ્યશ્રીના આ ઔદાર્ય બદલ તેમના ચરણોમાં આપણા સહુના સાષ્ટાંગ પ્રણામ....

સેવાદિન અને માનવતા દિન એકત્ર કરીને આજે પૂજ્યશ્રીએ માનવ સેવાથી માનવતા દિપાવવાની અને જીવન સાફલ્ય સૂત્રોથી જીવનને સુવાસિત કરવાની સુંદર શીખ આપી.

આજના દિને પૂજ્યશ્રીના પાવન ચરણોમાં એકજ પ્રાર્થના કે હે ગુરુદેવ, "અમે આપના બાળ છીએ અમારા ઘડતર અને આધ્યત્મિક ચણતરના આપના પ્રયત્નોમાં અમે સંકલ્પ પૂર્વક પરિશ્રમ કરીશું. અમારી મનોવૃત્તિ, મનોબળ અને ઈચ્છાશક્તિને આપના આશીર્વાદથી સજાવી દેજો. અમારૂં જીવન મહેંકી ઉઠે એટલી જ આપના ચરણકમળમાં પ્રર્થના."

અમારા સહુના સાષ્ટાંગ પ્રણામ................................ **ૐમાૐ**

**પરમતત્વ પ્રત્યેની શ્રધ્ધા, શરણાગતિ, સમર્પણ જ એક મોટું વિજ્ઞાન છે. ઉપાસના એક મોટું શાસ્ત્ર છે. પુરુષાર્થ, નમ્રતા, હિંમત, ધીરજ, અને સહનશીલતા જ જીવનસંગ્રામમાં લડવાનાં શસ્ત્રો છે. માનવતા જેવો બીજો મોટો ધર્મ નથી.**

## (૪) પ્રેમ જ્યોત પ્રગટાવીએ - ગુરુપૂર્ણિમા

*પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી* *તા. ૧૮-૭-૦૮*

વ્હાલા આત્મીયજનો,

ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગે મારા હૃદય મંદિરમાં આપ સર્વે પ્રેમીજનોનું સ્વાગત છે. આપ સર્વે આજે પ્રેમના પુષ્પો અને અંતરની શુભ લાગણી સાથે લઈને મા ભગવતીના પ્રેમબાળને અર્પણ કરવા માટે આવ્યાં છો. આપના પ્રેમપુષ્પોને હું પ્રેમથી સ્વીકારું છું.

સંસારમાં અને ગૃહસ્થી જીવનમાં સુખ શાંતિ વ્યાપી રહે, જીવનનો સર્વાંગી વિકાસ થાય અને જીવનયાત્રા પ્રસન્નતાથી પૂર્ણ થાય તેવી દરેક વ્યક્તિની ઈચ્છા હોય છે અને આવા ભાવ સાથે જ આપણે પરમાત્માને, સંત સદ્‌ગુરુને પ્રાર્થના - સહ વંદન કરીએ છીએ, આશીર્વાદ મેળવીએ છીએ.

**સાચા સુખનો સરળ માર્ગ છે આત્મભાવ પ્રગટાવવો. સુખ વસે છે સંતોષમાં, ન્યાયનીતિમાં, પ્રેમમાં, દિવ્યદૃષ્ટિમાં. સર્વેમાં સમતા ભાવ, પ્રશંસાભાવ કેળવવાથી જ મનમાં સુખનો અનુભવ કરી શકાય છે.**

આપણે સહુ પરમાત્માના અંશ છીએ. પરમાત્મા પ્રેમસ્વરૂપ, આનંદસ્વરૂપ, સત્ય સ્વરૂપ છે. પરમપિતા પરમાત્માના આ સર્વગુણો આપણી અંદર બીજરૂપે રહેલા જ છે. આ બીજરૂપી ગુણોને આપણા જીવનકાળ દરમિયાન અંકુરિત કરીએ, વિકસિત કરીએ તો આપણી જીવનયાત્રા સુખ-શાંતિ અને દિવ્યતાના વાતાવરણમાં ગતિ કરી શકે.

આપણી અંદર બીજરૂપે રહેલા પરમના ગુણોને કેવી રીતે અંકુરિત કરીએ ? કેવીરીતે વિકસાવીએ ? ચાલો, આપણે આપણી જીવનયાત્રા દરમિયાન જ તેને અંકુરિત થવા દઈએ. આપણા વ્યક્તિગત જીવનમાં આપણા આનંદને, પ્રસન્નતાને, પ્રેમને, સત્યને પ્રજ્જવલિત કરીને વિકસાવવાની વિવિધ રીતો છે :-

૧. **ફરજ પાલન :** જીવનકાળ દરમિયાન વિવિધ પ્રસંગે અને પરિસ્થિતિમાં આપણે જે કંઈ ફરજ બજાવવાની આવે તે ફરજ પૂરી નિષ્ઠાથી, પૂરા પ્રેમથી, તેમાં ઓતપ્રોત થઈને આનંદથી બજાવવી જોઈએ. આપણે કુટુંબમાં કોઈના ભાઈ-બહેન, પિતાપુત્ર, પતિ-પત્ની, મિત્ર કે અન્ય સગપણ, સંબંધમાં ગોઠવાયા હોઈએ તો તે સંબંધોની જાળવણીમાં, ફરજમાં પૂરી નિષ્ઠા દાખવવી જોઈએ. સાથે સાથે અનાસક્ત અને નિર્લેપભાવ રાખવો જોઈએ, જેથી સંબંધોમાં જકડાયા વગર આપણે આપણો આંતરિક વિકાસ કરી શકીએ.

૨. **અનાસક્તભાવ :** જીવનકાળ દરમિયાન આપણે જે કંઈ કાર્ય કરવાનું હોય,

ફરજ બજાવવાની હોય, કર્તવ્યપાલન કરવાનું હોય, તે સઘળું આપણી પૂરેપૂરી શક્તિ, નિષ્ઠા અને સામર્થ્યથી કરવું જોઈએ. નિ:સ્વાર્થભાવ, નિરાભિમાનીપણું અને અનાસક્તભાવે પ્રભુપ્રિત્યર્થે જ કરવુ જોઈએ. આવા ભાવ સાથે કરાયેલું આપણું કર્મ કર્મયોગ બની જાય છે. કર્મબંધનમાંથી મુક્ત રહેવાય જેથી હ્રદયમાં આનંદ, પ્રેમ અને સંતોષ વ્યાપી રહે.

૩. **પ્રશંસાભાવ :** પરમાત્માની જડચેતન સૃષ્ટિના પ્રત્યેક સર્જનની આપણે સમજ કેળવવી જોઈએ. કદર કરતાં, appreciate - પ્રશંસા કરતાં શીખવું જોઈએ. હંમેશા Positive thinking - હકારાત્મક વલણ દરેક વ્યક્તિ માટે અને દરકે પ્રસંગે રાખવું જોઈએ. અઘટિત પ્રસંગ કે અયોગ્ય વ્યક્તિના વાણી, વર્તન, વ્યવહાર અયોગ્ય લાગે તો મૌન રહેવામાં જ ડહાપણ છે. અભિપ્રાય પૂછવામાં આવે તો સવિનય યોગ્ય અભિપ્રાય આપી શકાય.

૪. **પ્રેમપ્રદાન ભાવ :** આપણા સંપર્કમાં અને સંસર્ગમાં આવતી દરેક વ્યક્તિ માટે શુભ ભાવ, શુભ લાગણી દર્શાવીએ. આપણી ઉપાસના, પ્રાર્થના, ધ્યાન વિગેરેમાં સમષ્ટિની સુખાકારીનો ભાવ ભળવો જોઈએ. વિરોધી વ્યક્તિ પ્રત્યે પણ પ્રેમભાવ રાખીએ તો આપણા હ્રદયમાં પ્રેમનો આવિર્ભાવ વધતો જાય છે. પૂર્વગ્રહો, સંકુચિતતા, કડવાશ વગેરેની ગ્રંથિઓ છૂટી જાય છે. હ્રદય આકાશમાં, અરે ! સમસ્ત અસ્તિત્વમાંથી પ્રેમના , આનંદના આંદોલનો પ્રસરી રહે છે.

પ્રેમ, આનંદ, સાત્વિકતા સાથે જ સદ્ગુણોની હારમાળા જોડાઈ જાય છે. આ દિવ્ય સદ્ગુણો સ્થૂળ દૃષ્ટિથી જોઈ શકાય નહિ. તેને તો અનુભવી જ શકાય.

આપણી પ્રેમની જ્યોત, આપણા સદ્ગુણોથી વધુ પ્રકાશિત થાય ત્યારે આપણામાં પ્રભુતા પ્રગટે છે. આપણા ઈષ્ટદેવની વધુ નિકટતા, આત્મીયતા અનુભવી શકાય છે.

આપણી અંદર પ્રગટેલા પરમના પ્રેમને આપણે વિવિધ રૂપે પ્રદર્શિત કરી શકીએ છીએ. સેવા, દાન, દયા, અહિંસા, ક્ષમા વિગેરે વિવિધ ક્ષેત્રોમાં પ્રેમની અમીધારાને વહાવી શકીએ છીએ.

પ્રેમ એટલે સમર્પણ : માતા અને બાળકનો પ્રેમ સંબંધ સમર્પણનું, આનંદનું ઉત્તમ દર્શન છે. **સમર્પણ એ પ્રેમની ધરી છે,** પ્રેમ વગર સમર્પણ શક્ય જ નથી. પોતાના પ્રિય પાત્ર માટે સર્વસ્વ ન્યોચ્છાવર કરી આનંદ અનુભવવો એ પણ એક નિજાનંદ છે. પ્રેમાળ વ્યક્તિ બીજાના સુખસગવડનું વધારે ધ્યાન રાખે છે. સ્નેહીના સુખમાં જ પોતાનું સુખ નિહાળે છે. સાત્વિક પ્રેમમાં બદલાની - વળતરની કોઈ જ અપેક્ષા હોતી નથી.

પ્રેમમાં અહિંસાનો ગુણ : પ્રેમસભર વ્યક્તિ ક્યારેય કોઈનું અહિત કરી શકે કે વિચારી શકે જ નહિ. પ્રેમ હંમેશા સ્વજનનું, સ્નેહીજનનું અને સમષ્ટિનું કલ્યાણ જ ઈચ્છે છે. સર્વનું મંગલમય ઈચ્છે છે. પરમની જડચેતન સૃષ્ટિ પ્રત્યે માયાળુ, મમતાળુ વર્તન દાખવે છે. પ્રેમની પવિત્ર જ્યોત દરેક પ્રકારની હિંસાનો અંત લાવે છે. પ્રેમાળ વ્યક્તિ સમષ્ટિનો મિત્ર આત્મીય બની જાય છે.

**પ્રેમમાં એકતા : પ્રેમાળ વ્યક્તિમાં સમત્વનો ભાવ હોય છે તેથી તે કોઈને પણ પરાયા ગણતી નથી. સ્નેહી, સ્વજન કે અન્યના જીવનમાં ઉપજતા સુખ, દુઃખને એ પોતાનાં જ સુખ-દુઃખ હોય તેવો ભાવ તેવી લાગણી અનુભવે છે. પ્રેમપાત્ર સાથે હ્રદયની ઐક્યતા બંધાઈ જાય છે, જુદાઈનો ભેદ મટી જાય છે. સોહ્મનો ભાવ જીવનમાં વણાઈ જાય છે. પ્રેમ એટલે પવિત્ર પ્રશંસા જ્યાં ઉપભોગ નહિ પણ હંમેશાં અર્પણ ભાવ જ હોય. પ્રેમ વસે છે સેવામાં, સ્વાર્પણમાં, પ્રશંસામાં (કદર) અને પૂજનમાં.**

પ્રેમમાં સહનશક્તિ અને ક્ષમાનો ગુણ છુપાયેલો છે : દુઃખ, અસુવિધા, એકલતામાં પણ પ્રેમાળ વ્યક્તિ પોતાના પ્રેમમાં જરાપણ ઓટ, અભાવ આવવા દેતી નથી. પ્રેમને વફાદાર રહી પોતાના અહમ્ ભાવને શુદ્ધ કરે છે.

પ્રેમમાં દિવ્યતા, પૂર્ણતા છુપાયેલી છે : પ્રેમસભર વ્યક્તિ ક્યારેય પ્રિયજનના દોષ જોઈ શકતી નથી. પ્રેમ હંમેશા ભીતર વસતા આત્માને જ દેખે છે, દોષને, ખામીને નહિ. પ્રેમસભર વ્યક્તિ જ આત્મદર્શન કરી શકે છે. સર્વત્ર દિવ્યતાના દર્શન કરે છે અને પ્રેમના ઉત્તુંગ શિખર સર કરી પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકે છે. **વ્હાલા બાળકો મારા નવસિદ્ધાંતો પરમના પ્રેમની અભિવ્યક્તિ જ છે. જીવનના દરેક ક્ષેત્રમાં તેનું આચરણ કરો અને પરમાત્માને પ્રાર્થના કરો કે ...**

**"પ્રેમળ જ્યોતિ પ્રભુજી દાખવી મુજ જીવનપંથ ઉજાળ"**

**ૐ મા ૐ**

## (૫) "ગુરુપૂર્ણિમા મહોત્સવ-૨૦૦૮" અહેવાલ

(તા. ૧૮-૦૭-૨૦૦૮ ના રોજ વિદ્યાર્થી લોહાણા ભવનમાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીના સાનિધ્યમાં ઉજવાયેલ ગુરુપૂર્ણિમા મહોત્સવનો અહેવાલ)

ગુરુપૂર્ણિમા એટલે સદ્ગુરુ અને શિષ્યના આત્મીય અને આધ્યાત્મિક સંબંધોની દિવાળી... સદ્ગુરુની અમી દૃષ્ટિની અગિયારસ... સ્નેહભર્યા સ્મિતની ધનતેરસ.... વ્હાલભર્યા સ્પર્શની દિવાળી અને ચરણ સ્પર્શ એટલે નૂતન વર્ષની અણમોલ ભેટ...

ગુરુ-શિષ્યના સંકલ્પનો સૂર્યોદય....

આજે દરેક શિષ્ય પ્રાર્થના કરતો હોય....

ગુરુ કંચન, ગુરુ પારસ, ગુરુ ચંદન પરમાન

આપ સદ્‌ગુરુ દિપક ભયો, કરો હમેં આપ સમાન....

આજના પાવન અવસરનો આનંદ માણવા અને પોતાના આધ્યાત્મિક જીવનને સુવાસિત કરવા, પૂજ્યશ્રીના ભક્તો દેશના ખૂણે ખૂણેથી પધારે છે. અહીં માતાજીના આદેશ મુજબ, સદ્‌ગુરુ પૂજનની ક્રિયાવિધિ બદલાતી રહે છે. તોય ભક્તો આગલા દિવસે પધાર્યા છે. શ્રદ્ધા કૂટિરમાં ગુરુપૂર્ણિમાની પૂર્વસંધ્યાએ ભક્તોની ભીડ રહે છે અને આનંદનો મહાસાગર સાનિધ્ય મળી ગયાની શાંતિ સાથે, પ્રેમમય સુખની અનુભૂતિ દરેકને કરાવે છે. મુસાફરીની અગવડો, ખર્ચ કે થાક ક્યાંય વિસરાઈ ગયા છે. મુંબઈ, સુરત, નાગપુર, વડોદરા અને રાજ્યના અનેક શહેરોમાંથી ભક્ત મહેરામણ ઉમટી રહ્યો છે. પરદેશમાં ઉજવાયેલ ગુરુપૂર્ણિમા મહોત્સવનો અહેવાલ વંચાયો છે. કૂટિરમાં પૂજ્યશ્રીની પ્રેમમય દૃષ્ટિની અનુભૂતિએ ભક્તોને ઘેલાં કર્યા છે. સામાન્ય રીતે આગલા દિવસે અપાતો પાદ્‌પ્રક્ષાલન પૂજાનો લાભ આજે ભક્તોને પ્રાપ્ત થયો નથી... પણ સુવાસ સ્વરૂપે માતાજીએ હાજરીની અનુભૂતિ કરાવી છે. આજે ગુરુપૂર્ણિમાએ વિદ્યાર્થી લોહાણા ભવનનો શીતળ ખંડ સાદગીથી સજાવાયો છે. પૂજ્યશ્રીના આસનની પાછળ વિશાળ છબીમાં, પૂજ્યશ્રીના વિવિધ સેવા પ્રકારને સુંદર રીતે કંડારાયા છે. શ્રી મનેષભાઈની કલાસૂઝ અને વિચાર બંનેને અભિનંદન આપવા રહ્યાં....

આજે 'અમદાવાદ બંધ'નું એલાન છે. અસલામતીનો ભય રાખ્યા વગર ભક્તોથી વિદ્યાર્થી ભવન ઉભરાય છે. પૂજ્યશ્રીના પધારવાના સમય પહેલાં જ હોલમાં ક્યાંય જગ્યા નથી. બરાબર ૯-૩૫ કલાકે પૂજ્યશ્રી પધાર્યા છે. ક્રીમ કલરના પિતામ્બર, કફની, પગમાં મોજડી, ગળામાં સુંદર ચેઈન, મલકતું સ્મિત, ૭૭ વર્ષે પણ ઉભરાતી યુવાની, ધરતીના ધબકારા માપતાં પગલાં અને પ્રેમમય મુખારવિંદથી સહુનું અભિવાદન ઝીલીને આશિષ આપતો હસ્ત... આજના મહોત્સવના અમારા ભગવાન પધાર્યાની છડી પોકારાઈ છે, 'સદ્‌ગુરુ દેવની જય.' નો ગગનભેદી હર્ષોલ્લાસ થયો છે. પૂજ્યશ્રીને એક ક્ષણ નીરખી લેવા, તેમના સૌંદર્યને મન ભરી પી લેવા, ભક્તો ઘેલાં થયાં છે છતાંય ક્યાંય અશિસ્ત નથી. દોડાદોડી નથી અને આજ, રાજપરિવારનું સંસ્કારથી શોભતું શિસ્ત છે.

પૂજ્યશ્રી સાથે, પૂ. બહેનજી, પૂ. મમ્મીજી, પૂ. ઉષાબહેન વગેરે પધાર્યા છે. આજના દિને આવા સમર્પિત સેવકોની ઝાંખી થાય. દર્શન થાય એ પણ પુણ્યતાનું પગલું છે.

પૂજ્યશ્રીએ સ્ટેજ પાછળની છબીનં અવલોકન કર્યું. વિનોદમય વાણીથી

સહુને આનંદિત કર્યા છે અને પોતાના સ્થાને બિરાજમાન થયાં છે.

હવે પૂ.બહેનજીએ સ્વકંઠે ગુરુપૂજનના શ્લોકનું ગાન કર્યું છે. સહુ ભક્તો આ મંત્રપૂજામાં જોડાયા છે. "ત્વમેવ માતા..." ના શ્લોકથી આધ્યાત્મિક પિતા એવા પૂજ્યશ્રીને પ્રાર્થના કરાઈ છે અને પૂજ્યશ્રીને પ્રસાદ ધરાવાયો છે. પૂ.બહેનજીએ ભક્તોને કહ્યું કે, પૂજ્યશ્રીના આદેશ મુજબ, દરેક ભક્તે પોતાના માત-પિતા અને સાસુ-સસરાનું પૂજન કર્યું હશે. દૂર હો તો માનસિક પૂજા કરજો અને ઘરે ના કરી હોય અહીંથી ગયા પછી જરૂરથી કરજો... પૂજ્યશ્રીના પાદપ્રક્ષાલન કરતાં પહેલાં, માતપિતાની ચરણપૂજાને અપનાવજો. તેઓએ સહુને એક મિનિટ ધ્યાન કરીને પૂજ્યશ્રીના ચરણારવિંદની પાદપ્રક્ષાલન પૂજા કરી રહ્યાંનો ભાવ, અનુભૂતિ કરવાની આજ્ઞા આપી. ભક્તોને માનસપૂજા કરાવી આજના મહોત્સવને બહેનજીએ દિપાવી દીધો.. આજે અહીં પૂનમના અભિમંત્રિત જળની પ્રસાદી પણ અપાય છે.

૯-૪૫ વાગે પ્રથમ ભક્ત દ્વારા ચરણ સ્પર્શ કરાયા. આજના દિને પૂજ્યશ્રીના ચરણો આચ્છાદિત આવરણથી શોભાયમાન છે. તેઓશ્રીના કોમળ ચરણનો સ્પર્શ અને દર્શન બંને લભ્ય નથી છતાંય આવરણનો સ્પર્શ એજ આનંદ.. હોલમાં સર્પાકારની ચાર લાઈન છતાંય, ભવનના દાદરાથી યે નીચે લાંબી કતારમાં ભક્તો શિસ્તમય, ભાવમય પ્રતિક્ષા કરી રહ્યાં છે.

પૂનમના જળને અભિમંત્રિત કરવા માટે પૂજ્યશ્રીને પ્રાર્થના કરાઈ છે. સવારે ૧૦-૪૦ વાગતાં પહેલાં ૨૮ બાટલા જળ પૂર્ણ થઈ ગયાં છે. અહીં દસ બાટલા રખાયા. પૂજ્યશ્રીએ પ્રથમ બાટલાના શાંત જળ પર જ્યાં હસ્ત મૂક્યો કે બાટલાની અંદર જલતરંગો એ નર્તન શરૂ કર્યું છે. શાસ્ત્ર કહે છે કે, સંતના સાનિધ્યમાં જ્યારે જળ સત્સંગ કરે ત્યારે અચાનક લહેરાય, પક્ષી સત્સંગ કરે ત્યારે આનંદમય અવાજો કરે અને યજ્ઞ સત્સંગ કરે ત્યારે ધૂમ્રસેરની જ્વાળાઓ નર્તન કરે... કેટલાક ભક્તોએ આ જળ સત્સંગની પ્રક્રિયા નિહાળી છે અને પૂજ્યશ્રીના શક્તિ સામર્થ્યને વંદન કર્યા છે. માતાજીની આ સાંકેતિક ભવિષ્યવાણી પણ હોઈ શકે, જેનો મર્મ તો સમય જ બતાવશે.

ભક્તોનો અવિરત પ્રવાહ અને દર્શન-સ્પર્શની આનંદમય અનુભૂતિમાં ભક્તો પૂજ્યશ્રીના ચરણને દબાવી, મસ્તકનું વજન વારંવાર મૂકીને ક્યારેક અવિવેક કરી બેસે છે પણ ભક્તદયાનિધાન પૂજ્યશ્રી મલકતા સ્મિતથી સહુને આવકારીને, આવી વેદનાને વિદાય કરી દે છે. સતત્ સ્પર્શ કરાવતો હસ્ત, આશિષ આપતો હસ્ત, સામાન્ય માનવી પાસે આરામ માંગે પણ પૂજ્યશ્રી આવા શારીરિક કષ્ટને જરાય પ્રાધાન્ય આપતાં નથી. આવા દયાળુ, ભક્તપ્રેમી પૂજ્યશ્રીના ચરણોમાં અમારા

સહુના સાષ્ટાંગ પ્રણામ. હે ગુરુદેવ, કુટુંબના અને સમાજના કષ્ટો, હસતા મુખે સ્વીકારવાની આવી શક્તિ અમને પ્રદાન કરજો... અવિરત ગતિ કરતો ભક્ત પ્રવાહ, સહુના મુખારવિંદ પર આનંદની લહેરો, નૂતનવર્ષના આશીર્વાદ મળ્યાનો પ્રેમમય સંતોષ, પૂજ્યશ્રીના દર્શન, સ્પર્શ અને ક્ષણિક સાનિધ્યથી અનુભવાતી પ્રફુલ્લિત તાજગી અને આજના મહોત્સવને માણ્યાનો આનંદ સર્વત્ર દેખાઈ રહ્યો છે. બરાબર ૧૨-૦૦ વાગે બે બટુકોને પૂજ્યશ્રીના સ્વહસ્તે યજ્ઞોપવિત સંસ્કાર આપવાના છે. કર્મકાંડ કરાવનાર બ્રાહ્મણો દ્વારા યજ્ઞોપવિત સંસ્કાર લઈને, સદ્‌ગુરુ શોધવા એના કરતાંય, સામર્થ્યવાન સદ્‌ગુરુના સ્વહસ્તે યજ્ઞોપવિત સંસ્કાર તો પુણ્યશાળીને જ મળે. એક ભક્તએ હાસ્યમાં પૂછ્યું કે, લગ્નસંસ્કાર બે વાર થઈ શકે. (પરિસ્થિત પ્રમાણે) તો યજ્ઞોપવિત બીજીવાર લેવાય તો કેવું સારું.. છૂટી ગયેલું ભાગ્ય, ફરી આવી મળે તો કેવું સારું ?

**પૂ.બહેનજીએ આ બંને બટુકોને યજ્ઞોપવિતનું મહત્ત્વ સમજાવ્યું. આધ્યાત્મિક પિતા તરીકે પૂજ્યશ્રીને સ્વીકારતાં પહેલાં માત-પિતાની સેવા સમજાવી, મંત્ર જાપ અને હવે પછીની તપોમય ભૂમિકા સમજાવી... મંત્રદીક્ષાનું માહાત્મ્ય સમજાવ્યું અને પૂજ્યશ્રીના વિચારો, વાણી, વર્તન, આદેશો, આદર્શો, નવસૂત્ર પાલન વગેરે દ્વારા હવે તમારો નવો આધ્યાત્મિક જન્મ થઈ રહ્યો છે તેમ જણાવ્યું. બંને બાળકોને આ સંસ્કાર માટે માનસિક રીતે તૈયાર કરીને પૂજ્યશ્રીના ચરણોમાં મૂક્યાં. પૂજ્યશ્રીએ બંનેને મંત્રદીક્ષા અને ઉપનયન સંસ્કાર આપ્યાં.** હોલમાં રહેલા બધા જ ભક્તોએ સમૂહમાં પરમશક્તિ મંત્ર સાથે બટુકોને માનસિક આશીર્વાદ આપ્યાં. વિનામૂલ્યે સંસ્કાર સિંચનની, પરમ પૂજ્યશ્રીની આ સમાજસેવા ને અમારા સહુના કોટી કોટી વંદન...

ફરીથી દર્શન-વંદનનો કાર્યક્રમ શરૂ થયો છે. બરાબર ૧-૦૦ વાગે ૨૫ બહેનો, ૧૫ ભાઈઓ અને ૪ બાળકોના મંત્રદીક્ષા અપાઈ છે. અહીં બહેનજીએ મંત્રદીક્ષાનું મહત્ત્વ અને ત્યારપછીની નૈતિક જવાબદારી સમજાવી છે. આધ્યાત્મિકતામાં આગળ વધવાના પરિશ્રમી સંકલ્પની પ્રેરણા આપી છે.

ફરીથી દર્શન-વંદન માટે ભક્તો આવી રહ્યાં છે. ૧-૧૫ વાગ્યા સુધીમાં લગભગ ૧૬૦૦ ભક્તોએ, પૂજ્યશ્રીના પાવન ચરણ સ્પર્શનો આનંદ માણ્યો છે. અહીં દર્શન-વંદનનો કાર્યક્રમ પૂર્ણ જાહેર કરાયો છે.

આજે પ્રસાદમાં ઘઉંની પુરી, લાડુ અને બટાકાનું રસાવાળું શાક છે. સમજવા જેવું છે કે પુરી, પહેલાં ફુલે અને પછી સંકોચાય.. પૂજ્યશ્રી કહેતા હશે કે, તમેય દુઃખ આવે ત્યારે ફુલજો. હું તમારી સાથે છું. સુખમાં સંકોચાજો. ગોળ લાડુની જેમ તમારા

તપ, જપ, આધ્યાત્મિક પ્રયાસોનો પ્રચાર, માતાજી સુધી જ, સીમિત રાખજો તો આધ્યાત્મિક મધુરતા પ્રગટશે. સહુને તમારી મધુરતાનો સ્વાદ ચખાડજો. બટાકા, દરેક શાકમાં ભળી જાય એમ તમે પણ ન્યાત, જાતિ, ધર્મ, વિચાર કે માન્યતાના ભેદ પાડ્યા વગર દરેક માનવ સાથે ભળી જજો... તમારા આનંદમય, પ્રેમરસથી સહુની સેવાનો આનંદ લૂંટજો. કેવું સાંકેતિક અન્નજ્ઞાન.. પૂજ્યશ્રીને આપણા સહુની સો સો સલામ...

એક ભક્તને રમૂજમાં પૂછ્યું કે, આટલે દૂરથી, આટલા કષ્ટ, અગવડ અને ખર્ચ વેઠીને કેમ આવ્યા છો... તેમણે સુંદર જવાબ આપ્યો. શાયરીમાં....

એક અદા ગુરુદેવ કી, દિલ ચૂરાને કી,
એક અદા ગુરુદેવ કી, દિલ મેં બસ જાને કી..
એક ચહેરા ઈનકા, શીતલ ચાંદસા,
એક જિદ હમારી, ઈસ ચાંદ કો છૂને કી...

આજે પૂજ્યશ્રીએ સુંદર લોકેટ ધારણ કર્યું છે. પંચકોણ આકારનું આ લોકેટ, પંચાયત દેવતા.... શિવ, વિષ્ણુ, સૂર્ય, ગણેશ અને દેવીની સ્થાપનાનો પ્રકાર છે. સૃષ્ટિના પાંચ તત્ત્વો, આપણા શરીરનાં પંચમહાભૂતના પ્રતિક... પાંચેય કોણ પર 'ૐ' અને ડાયમંડ છે. વચ્ચે ગોળાકાર માં 'મા' અક્ષર લખેલો છે. સહુનું કેન્દ્રબિંદુ, મમતામયી 'મા' જ છે. 'મા' અક્ષરના વર્તુળ નજીક તેર ડાયમંડ છે. માને ખુશ રાખવા. તેમના કૃપાપાત્ર થવા, નવધા ભક્તિ... નવ પ્રકારની ભક્તિ ઉપરાંત, માનવસેવા, પ્રેમભાવ, સદ્‌ભાવ અને સમર્પણભાવ જરૂરી છે. વળી પૂજ્યશ્રીનું કૃષ્ણ સ્વરૂપ છે અને કૃષ્ણને પાંચ 'સ' પ્રિય છે. - સત્ય, સેવા, સ્વાર્થ ત્યાગ, સાહસ અને સ્નેહ... આ પાંચ 'સ' ના પાંચ 'ૐ'.

પૂજ્યશ્રીના આ આધ્યાત્મિક, સાંકેતિક જ્ઞાન સામર્થ્ય વાળા લોકેટ દર્શનથી અમે ધન્ય થયાં. પૂજ્યશ્રીને અમારાં સહુના સાષ્ટાંગ પ્રણામ...

બપોરના વિરામ બાદ લગભગ ૩-૧૫ વાગે સત્સંગ કાર્યક્રમની શરૂઆત થઈ છે. સરસ ભજન શરૂ થયું છે. "મનના ઉમંગથી હો... 'ૐ મા ૐ' બોલજો... સુંદર કંઠ, મધુર શબ્દો અને વાદ્યવૃંદના સુંદર સાથથી આખાય હોલના ભક્તો ભાવમય થઈ ગયાં. દરેક જણ તાળીઓનો સાથ આપે છે. હવે બીજું ભજન ગવાયું છે... "શરણાગત ને શરણું આપે, ભક્ત વત્સલ ભગવાન રે..." ભજનના ભાવવાહી શબ્દોએ સહુને ઘેલા કર્યા... બરાબર ત્રણ ને પચ્ચીસ મિનિટે પૂજ્યશ્રી, બહેનજી, મમ્મીજી અને ઉષાબહેન પધાર્યા છે. આકર્ષક મુખમુદ્રા. પ્રભાવશાળી પગલાં અને આશિષ આપતો હસ્ત.. 'સદ્‌ગુરુ દેવની જય' નો પ્રચંડ નાદ કરાયો છે. ગુરુદેવ તુમ્હારી જય જય હો... સાથે તાળીનાદ કરાય છે. પૂજ્યશ્રી એ આસન ગ્રહણ કર્યું છે

અને ભજન શરૂ થયું છે..."મારે આંગણ વહેલા આવો રે... ગુરૂદેવ પ્યારા..." બધા આનંદમય છે. મહોત્સવના બીજા સત્રના પ્રારંભે મુંજાલભાઈએ કહ્યું કે, આજે ગુરુપૂર્ણિમાના પવિત્ર ઉત્સવે પૂજ્યશ્રીનાં શીતલ અમીમય સાનિધ્યમાં દેશ-વિદેશના ખૂણે ખૂણેથી ભાવોર્મિ સાથે એકત્રિત થયાં છે. શિષ્યનું 'મિત' એટલે ધન હરી લેનારા સદ્‌ગુરુ સમાજમાં ઘણાં છે પણ શિષ્યના સંતાપ હરી લે એવા બુલંદ સિતારા સમા સામર્થ્યવાન સદ્‌ગુરુ બિરાજમાન છે ત્યારે પૂ.બહેનજીને વિનંતી કરીએ કે, ગુરુમહિમા સમજાવે...

પૂ.બહેનજીએ કહ્યું કે... વહાલા ભાઈઓ.. બહેનો... આજે ગુરુપૂર્ણિમાના મહત્ત્વને સમજવા કરતાં પૂજ્યશ્રીને પ્રાર્થના કરીએ કે, આપણા જીવનમાં ગુરુતત્ત્વ ઉતરે, જેના સહારે સહારે આપણે જીવનયાત્રા પાર પાડીએ. પૂજ્યશ્રીના આદેશો આપણે જીવનમાં ઉતારીએ, આચરણમાં ઉતારીએ, તો સાચા શિષ્ય બની શકીએ. અહીંથી આપણે જઈએ ત્યારે ગુરુતત્ત્વ સાથે લેતાં જઈએ. પૂજ્યશ્રીએ જે આધ્યાત્મિક ઊર્જા સંક્રાત કરી છે તે ઊર્જા સતત વહેતી રહે એવી પ્રાર્થના કરીએ. જીવનની પળેપળે પૂજ્યશ્રીનાં આદર્શો અને આદેશોથી ગુરુતત્ત્વને પ્રજ્વલિત રાખીએ. ગુરુપૂજનના શ્લોક સાથે સમાપન કરતાં, આજના મહોત્સવે તેમણે બધાને શુભેચ્છાઓ આપી...

મુંજાલભાઈએ કહ્યું કે, તુલસીજી માનસ્‌ના પ્રારંભે કહે છે કે, ગુરુ મહિમા કરતાં, ગુરુને વંદન કરવા... પણ એની પાત્રતા છે ? સદ્‌ગુરુને સીધે સીધા વંદન કરવાની આપણી પાત્રતા છે ? તો કહે 'ના'... એમના ચરણને વંદન કરવાની આપણી પાત્રતા છે ? તો કહે 'ના' આપણે તો એમના ચરણની રજ ને જ વંદન કરી શકીએ.

હવે ગવાયું છે... 'ગુરુ ચરણ કમલ બલિહારી'... આ ગીતના શબ્દભાવને સહુએ વંદન કર્યા. હવે શ્રી રમેશભાઈને ભાવોર્મિ રજૂ કરવા વિનંતી કરાઈ છે. તેઓએ કેટલાક સુંદર રત્નાકરો રજૂ કર્યા.

- મહિમા તમારો હું શું ગાઉં સદ્‌ગુરુ
  મહિમામાં પણ 'મા' ને માનો કાનો તમે...
- ભરતી ત્યાં પણ, ભરતી અહીં પણ
  ક્યાંક જલતરંગ તો ક્યાંક સ્નેહ તરંગ....

ભક્તોએ રમેશભાઈની શબ્દોર્મિને વધાવી લીધી....

હવે મુંજાલભાઈએ કહ્યું કે, પાદપ્રક્ષાલન પૂજા ગઈ....ચરણના પ્રત્યક્ષ દર્શન અને સ્પર્શ ગયાં... પણ આપણો ભાવ અકબંધ રાખવા પ્રાર્થના કરીએ. તેમણે સુંદર

સ્વરચિત ગીત રજૂ કર્યું...

મુજ બંધ લોચનમાં તમારા, ચરણનું દર્શન હોજો,
ને તીર્થ જલ પતિત પાવની, મારું અશ્રુજલ થજો,
મુજ અંજલિમાં તમ ચરણના, સ્પર્શનો અનુભવ હોજો,
એવી પ્રેમમય ગુરુપૂર્ણિમા મુજ, ભાગ્યમાં ભવ ભવ હોજો.

અતિ સુંદર શબ્દભાવ અને મધુર કંઠથી ગવાયેલ આ ગીતને ભક્તોએ ખૂબ ખૂબ વધાવી લીધું.... મુંજાલભાઈને આ સુંદર રચના બદલ અભિનંદન...

હવે રાજકવિ મુ. સતીષભાઈને વિનંતી થઈ છે કે, તેમની ભાવોર્મિ રજૂ કરે....

આવો, આવો રાજ, આવો પધારો,
વહ્યાં વરસોનાં ટોળા, કોને કહું રાજ
આ તો તમારી છે મોટી રાજકહાની, મારે રાજરતનની કમાણી

- રાજનામ જો મોઢે કરીએ, ગમ કદી ના આભડી જાય,
  રાજનામ થી પથ્થરો પણ તરતા તરતા કાંઠે જાય...
- રૂદન પાષાણથી થઈ જાય, એકાદવાર જો,
  ઉગાડે પથ્થરો પણ એક દિ' વિદુરતા....

ભક્તોએ સતીષભાઈની ભાવોર્મિને વધાવી લીધી.....

હવે હેમંતભાઈને ભાવોર્મિ રજૂ કરવા વિનંતી કરાઈ છે, તેમણે પરદેશના ભક્તોની, પૂજ્યશ્રીની ઝાંખી માટે આખા વર્ષની 'તડપ' ને કેન્દ્રમાં રાખી ભાવોર્મિ રજૂ કરી.

પામવા એક મીઠી નજર આપની, વર્ષ આખું તલસ્યા કરું
ને યાદોને આપની હ્રદયમાં ભરી, દિન-રાત હું ફર્યા કરું....

ભક્તોને આ ભાવોર્મિ ગમી... આજના દિને પૂજ્યશ્રીને પ્રાર્થના કરતાં તેઓએ કહ્યું કે,

અમે છીએ તમારાં બાળ, જરા નજરમાં તો રાખજો,
દુર્ગુણો અને અહમ્‌થી ભરેલાં, તો ય નજીકમાં તો રાખજો....
મળ્યાં છો આપ અમને આ જગમાં, આંગળી પકડી તો રાખજો
જન્મો જન્મ રહેવું છે તમારી સાથમાં, ભાગ્યનાં દ્વાર ખોલી તો રાખજો....

ભક્તોએ આ શબ્દભાવને હેતથી વધાવી લીધો...

હવે મુંજાલભાઈએ સ્વરચિત એક ગીત રજૂ કરતાં કહ્યું કે, મથુરા, વૃંદાવન કે દ્વારિકાના સમયથી પૂજ્યશ્રીએ હિંડોળો સાચવી રાખ્યો છે. ભાવશબ્દોથી સુવાસિત ગીતની પંક્તિઓ છે...

શોભે છે ક્યાંક કશાય, શણગારથી હિંડોળો,
હરખે છે બાળ કેરા, અવતારથી હિંડોળો,
નિરખ્યો છે આ લોચનોએ બસ જ્યારથી હિંડોળો,
હમદર્દ થઈ થઈ ગયો છે, બસ ત્યારથી હિંડોળો.

મુંજાલભાઈની કલ્પનાશક્તિ અને શબ્દગૂંથણી દ્વારા રજૂ કરાયેલ ભાવને અભિનંદન આપવા જ રહ્યાં....

હવે પૂજ્યશ્રીને આજના પાવન પર્વ પર આશીર્વચન માટેની પ્રાર્થના કરતાં મુંજાલભાઈએ કહ્યું કે, આપ અર્ધમાતેશ્વર છો. આપની વાણીમાં અમને રાજ અને માની મિશ્ર વાણી સંભળાય અને અમારા હ્રદયમાં મા અને બાપની ઊર્જા સંક્રાત થાય તેવી અભિલાષા છે.

તેઓશ્રીએ ભક્તોને આશીર્વાદ આપ્યા. વારંવાર ભક્તોની વિનંતી હોય છે કે હે ગુરુદેવ, આપ, જન્મોજન્મ અમને સાથે જ રાખજો. આજે પણ એક ભક્ત દ્વારા આવી વિનંતી કરાઈ હતી, એનો જવાબ આપતાં પૂજ્યશ્રીએ કહ્યું કે....

શ્રી ઉપાધ્યાયભાઈએ તેમના વક્તવ્યમાં જણાવ્યું કે હે, ગુરુદેવ, આપ જન્મજન્માંતર અમારી સાથે જ રહેશો. મારું કહેવું છે કે આપણે બધાં સાથે જ છીએ. બહારગામથી આવેલા ભાઈઓ બહેનો, મુસાફરીમાં કેટલી તકલીફો વેઠીને આવ્યાં છે. હું વધુ પડતી મુસાફરી કરું છું તેથી મને મુસાફરીમાં પડતી તકલીફોનો ખ્યાલ છે. મેં તમોને શું આપ્યું છે ? કશું જ નહીં કેવળ પ્રેમ જ આપ્યો છે. આટલી મોટી સંખ્યામાં હાજર રહેલા ભાઈઓ બહેનોને હું જણાવવા માંગું છું કે તમારી ઉપસ્થિતિ અહીંયા કેમ છે ?

**આપણેશ્રીરામ સમયે સાથે હતાં**
**શ્રીકૃષ્ણ સમયે સાથે હતાં**
**આજે શ્રીરાજ સમયે પણ સાથે છીએ**
**આવતા યુગમાં પણ સાથે જ હોઈશું ફક્ત ફેર એટલો કે,**

નવા રૂપ રંગ ધારણ કરીને આવીશું. ગત જન્મના સંસ્મરણો ભૂલી જઈને આવીશું. એ યુગમાં આપણે સાથે જ વિચરતા હોઈશું.

પૂજ્યશ્રીનું આ અભય વચન, આજના ગુરુપૂર્ણિમા મહોત્સવનું મોંઘેરું વરદાન પ્રાપ્ત થવા બદલ, બધા જ ભક્તોએ ધન્યતા અનુભવી. પૂજ્યશ્રી ને આપણાં કોટી કોટી પ્રણામ.

તેઓશ્રીએ બીજી વાત કહેતાં જણાવ્યું કે, અઠવાડિયા પહેલાં, એક ભાઈ મારી મુલાકાતે આવ્યા હતા. તેઓએ પ્રશ્ન કર્યો કે, પ્રભુ શું ખાતા હશે ? મેં મજાક

કરતાં કહ્યું કે ભાઈ, દુન્યવી માણસો જે કાંઈ ખરાબ કર્મો કરે છે તે જોઈને પ્રભુ દુઃખી થઈને કશું જ ખાતા નથી. સૂર્ય, ચંદ્ર, ચોવીસ કલાક ફરતા રહે છે, પરંતુ જમવા માટે ક્યારેય રોકાતા નથી. સૂર્ય જો કલાક - દોઢ કલાક ઉગવામાં મોડું કરે તો દુનિયામાં શું થાય ? ઈશ્વરની ફીકર આપ શું કામ કરો છો. એ તો આખી દુનિયાને જમાડે છે.

તેઓશ્રીએ યુવાનોને હાકલ કરતાં કહ્યું કે, 'જાગો'... તમારામાં અમર્યાદ શક્તિઓ પડી છે. આધ્યાત્મિક વિકાસ માટે સંકલ્પ કરો.

પૂ. બહેનજીએ કહ્યું કે, હમણાં જ પૂજ્યશ્રી કહેતાં હતા કે, ૧૯૭૫ થી આજ સુધીના તેત્રીસ વર્ષના તેમના સેવાયજ્ઞમાં ૯૯.૯% લોકો સામાજિક પ્રશ્નો જ લઈને આવ્યા છે. પોતાના આધ્યાત્મિક વિકાસમાં માર્ગદર્શન કે મુશ્કેલી લઈને કોઈક જ આવ્યું છે. આજની ગુરુપૂર્ણિમાંથી આપણે સંકલ્પ કરીએ કે, હવે આ દિશામાં પ્રયત્ન કરીશું. એક પણ દિવસ ખાલી જવો ન જોઈએ. પૂજ્યશ્રીની આ વેદનાભરી હાકલને આપણે હ્રદયપૂર્વક સ્વીકારી લઈએ અને આ સંદેશને અપનાવી લઈએ.

સાંજે ૫-૦૫ વાગે ત્રણ ઓમકાર, ૨૭ પરમશક્તિ મંત્ર અને પરમશક્તિ આરતી તથા નવસૂત્રનું સમૂહગાન થયું. આજના દિને પરમપૂજ્યના ચરણ સ્પર્શના લાભથી વંચિત ત્રીસ ભક્તોને આ અવસર પ્રાપ્ત કરાવવામાં આવ્યો. સાંજે ૫-૨૫ વાગે. 'ગુરુદેવ તુમ્હારી જય જય હો' ના સમૂહનાદ સાથે પૂજ્યશ્રીએ હોલમાંથી સહુના પ્રણામ સ્વીકારી વિદાય લીધી. એક દરવાજામાંથી બહાર નીકળ્યા પછી, તરત જ બીજા દરવાજેથી દાખલ થઈને તેઓશ્રીએ આખાય હોલમાં ભક્તોની પ્રદક્ષિણા સ્વરૂપે વર્તુળાકારમાં ચાલીને ભક્તોને પોતાની સુરક્ષામાં સમાવી લીધાં. કદાચ આજના અમદાવાદ બંધના એલાનમાં કોઈ ભક્તને મુશ્કેલી ન પડે તેવો પ્રબંધ હશે. પણ ભક્ત વત્સલ, ભક્ત સંતાપહારક અને ભક્તોના ભયમુક્તિદાતા, ભક્તપ્રેમી પૂજ્યશ્રીના આ સ્વરૂપને આપણાં સહુના સાષ્ટાંગ પ્રણામ... હે... ગુરુદેવ અમે ધન્ય થઈ ગયાં.

આજના પવિત્ર ઉત્સવે, હે ગુરૂદેવ, આપને એક જ પ્રાર્થના કે, અમારા જીવનમાં આપનો પ્રેમ કાયમ રહે, અમારી શ્રદ્ધાના બીજ, શરણાગતિનું વટવૃક્ષ બને અને અમારી જીવનયાત્રા સેવામય, સદ્ભાવમય, પ્રેમમય અને શાંતિમય રહે. આપનું સુરક્ષા વર્તુળ અમને ભયમુક્ત રાખે અને આપની વેદનાભરી હાકલ, અમારું જીવનલક્ષ્ય બને એટલી જ પ્રાર્થના...

આપના અમીમય આશીર્વાદ માટે અમારા સહુના સાષ્ટાંગ પ્રણામ.

**ૐ મા ૐ**

# (૬) માનવજીવનમાં મર્યાદા... - રામનવમી

*પૂજ્ય રાજયોગીજી* *તા. ૧૪-૪-૦૮*

***વ્હાલા રામજીના વ્હાલા બાળકો,***

આજે રામનવમી છે, આજે અયોધ્યામાં પરમાત્માએ પરમ પુનિત માતાપિતા દશરથ રાજા અને કૌશલ્યાજીના પવિત્ર ગાર્હસ્થ્યના ફળસ્વરૂપે રામજી સ્વરૂપે પ્રાગટ્ય કર્યું.

પરમાત્માએ સંસારની રચના કરી પોતાના જ બાળકોમાં પ્રેમ, કરુણા, દયા અને મર્યાદાના ગુણો પ્રસ્થાપિત કરવા માટે માનવરૂપ ધરીને પોતાના આચરણ દ્વારા પોતાના આદર્શો રજૂ કર્યા અને જગતના લોકોને જીવન જીવવાનો સીધો, સરળ અને મર્યાદાયુક્ત માર્ગ બતાવ્યો. **રામજન્મ ઉત્સવની ઉજવણીનો મર્મ સાર્થક કરવા માટે આપણે રામજીના જીવનના આચરણને અને આદર્શોને આપણે દૈનિક જીવનમાં અપનાવવા જરૂરી છે. દર વર્ષે ઉજવાતો આ મહાઉત્સવ આપણી વિસરાતી, ઘસાતી, ભૂલાતી યાદોંને સંકોરે છે, તાજી કરે છે.**

સાંપ્રત સમયમાં માનવજીવનના દરેક ક્ષેત્રમાંથી પ્રેમ અને મર્યાદાનું, નૈતિક મૂલ્યોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. આર્ય સંસ્કૃતિ, ધાર્મિક વૃત્તિ અને સાત્વિક સંસ્કારો વિસરાતા જાય છે. સાત્વિક જીવનશૈલીનો હ્રાસ થઈ રહ્યો છે. બે કિનારા વચ્ચે વહેતી નદી લોકમાતા કહેવાય છે, અને લોકોના જીવનમાં સુખ, સમૃદ્ધ અને આનંદ અર્પી શકે છે, પરંતુ બે કિનારાની મર્યાદા તૂટી જતાં નદી લોકોમાં વિનાશનું, અરાજકતાનું તાંડવ સર્જે છે.

**શીલ અને સુસંસ્કૃતિ માનવજીવનની બે મર્યાદા છે. શીલ અને સંસ્કૃતિની મર્યાદા તૂટી જાય છે ત્યારે માનવ જીવન, કુટુંબ, સમાજ અને રાષ્ટ્રની આબરૂ, પ્રગતિ, છિન્ન ભિન્ન તારાજ થઈ જાય છે.**

**અમર્યાદિત જીવનશૈલીમાંથી જ અનાથાલયો, વૃદ્ધાશ્રમો, વિકાસગૃહોનો ઉદ્‌ભવ થયો છે. અસમતુલ, અસંયમિત કુટુંબ પ્રથા, અસમતુલ દામ્પત્યજીવન, આત્મહત્યા, વિગેરે દૂષણો પણ અમર્યાદિત જીવનશૈલીની જ નિપજ છે.**

આજના યુવાન યુવતીઓનો અશ્લિલ અમર્યાદિત પહેરવેશ, વાણી, વર્તન અને વ્યવહાર એ પાશ્ચાત્ય સંસ્કૃતિનું આંધળું અનુકરણ માત્ર જ છે, જે આપણી યુવાપેઢીના શીલ, સંસ્કાર અને આપણી આર્ય સંસ્કૃતિને લૂંટી રહી છે. અનુચિત વાણી, વર્તન, વ્યવહાર, ઉત્તેજિત ખાણીપીણી, રાત્રિ ક્લબો, અશ્લિલ મીડીયા પ્રદર્શન - દૃશ્યો વિગેરે દૂષણોએ માણસોમાં માનસિક, શારીરિક અને સામાજિક રોગો ઉત્પન્ન કર્યા છે.

પરમાત્મા પોતાના જ બાળકોમાં સાત્ત્વિક પરિવર્તન લાવવા માટે પોતાના જ પ્યારા સાત્ત્વિક સજ્જનો, સંતો, સદ્‌ગુરુઓને જવાબદારી સોંપે છે અને જરૂર પડ્યે પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડે છે.

મારી તો અંતઃકરણની ભાવના અને લાગણી છે કે, **વૈજ્ઞાનિક, યાંત્રિક અને આર્થિક પ્રગતિની સાથે સાથે આપણી આર્ય સંસ્કૃતિ, નૈતિક મૂલ્યો, સુસંસ્કાર અને સાત્ત્વિકતાસભર જીવનશૈલીની પણ પ્રગતિ થવી જોઈએ.**

આપણી શિક્ષણ સંસ્થાઓ, રાજ્યસત્તાઓ, માતાપિતા અને યુવાન - યુવતીઓ પોતાના કાર્યક્ષેત્રમાં નૈતિક મૂલ્યોને અપનાવે, મર્યાદાયુક્ત વ્યવહાર કરે, તો આપણી લુપ્ત થઈ રહેલી આર્ય સંસ્કૃતિને પુનર્જિવિત કરી શકાય.

શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે ગુરુ-શિષ્યની ગરિમા સચવાવવી જોઈએ. બાળમંદિરથી જ આ ગુરુ-શિષ્યનો વાત્સલ્યયુક્ત પવિત્ર સંબંધ પ્રસ્થાપિત થવો જોઈએ. બાળમંદિરથી જ પવિત્ર મર્યાદાઓની બુનિયાદ રચાવવી જોઈએ. બાળમંદિર, નર્સરી, પ્રાયમરી સ્કૂલ કે જ્યાં બાળ માનસનું ઘડતર થઈ રહ્યું છે ત્યાં સમજદાર, વાત્સલ્યસભર, પીઢ સંસ્કારી, શિક્ષિત, વિવેકી વર્તન, સહૃદયી પ્રેમાળ વ્યક્તિત્વ ધરાવતા શિક્ષકોની નિમણૂંક થવી જોઈએ. બાળ માનસમાં સંસ્કારનું સ્વસ્થ, સાત્ત્વિક બીજારોપણ થાય તો જ ભાવિ યુવાન નાગરિક આપણા સુસંસ્કાર, સુસંસ્કૃતિ અને નૈતિક મૂલ્યોની ધૂરા સંભાળી શકે.

કુટુંબ, સમાજ અને રાષ્ટ્રમાં રામરાજ્યની સ્થાપના, રામરાજ્યનું વાતાવરણ, પ્રસ્થાપિત કરવા માટે સાત્ત્વિક સંતો, સદ્‌ગુરુના સલાહ - સૂચન, માર્ગદર્શન અને આશીર્વાદને આવકારવા જોઈએ.

**ૐ મા ૐ**

## (૭) પરમાત્મા ક્યારે અવતરશે ?

*પૂજ્ય રાજયોગીજી* *તા. ૨૪-૮-૦૮*

***વ્હાલા વ્રજવાસીઓ,***

આજે શ્રીકૃષ્ણજીનો જન્મોત્સવ છે, શ્રાવણ વદ અષ્ટમી શ્રી કૃષ્ણજીના જન્મથી અમર અને ધન્ય બની ગઈ. અરાજકતા, અનૈતિકતા, અન્યાય અને અધાર્મિકતાના આચરણભર્યા યુગમાં શ્રીકૃષ્ણ ભગવાનના પ્રાગટ્યની અતિ આવશ્યકતા વર્તાય છે. દેશ-વિદેશના કેટલાય યુવાન ચાહકોના મનમાં પ્રશ્ન ઉદ્‌ભવે છે કે “પરમાત્મા આવી અસાત્ત્વિકતા કેમ ચલાવી લે છે ?” શ્રી કૃષ્ણ ભગવાને ગીતામાં આપેલા વચન અનુસાર પરમાત્માએ પૃથ્વી પર અવતરવાનો સમય શું પાકી નથી ગયો ? પરમાત્મા શેની રાહ જોઈ રહ્યાં છે ?

વ્હાલા પ્રિયજનો, આપની અકળામણ, અધીરાઈ, મૂંઝવણ હું સમજી શકું છું. હું આપની સાથે જ છું. મારા પ્રિય સખાના સંપર્કમાં હું સતત રહું છું અને પ્રાર્થના પણ કરતો જ રહું છું.

પરમાત્માને અવતરવા માટે યાદ દેવરાવવાની જરૂર નહીં પડે. પરમાત્માના સૃષ્ટિ સંચાલનનું કાર્ય નિયત સમયાનુસાર ચાલતું જ રહે છે. આપણે રામ અને કૃષ્ણના અવતાર પછી હવે કલ્કિ અવતારની કલ્પનામાં રાચીએ છીએ. એટલે પળે પળે અવતરણ કરતા અને અવતાર કાર્ય નિભાવતા પરમાત્માની વિવિધ અને વિપુલ શક્તિને આપણે નગણ્ય ગણીએ છીએ. પરમાત્મા નિર્ગુણ, નિરાકાર સ્વરૂપે સૃષ્ટિમાં સદાય વિલસી રહ્યાં છે. માતા-પિતા, સંત, સજ્જન, સદ્‌ગુરુ અને સાત્ત્વિક આત્માઓના સ્વરૂપમાં પરમાત્મા પોતાનું ઐશ્વર્ય, બુદ્ધિ, શક્તિ અને પ્રેરણાના રૂપમાં પ્રગટ થતાં જ રહે છે. સંતો, સજ્જનો, અને સાત્ત્વિક મનુષ્યોના રૂપમાં પરમાત્મા દુઃખી, નિઃસહાય, નિરાધાર માણસોને સહાય કરે છે, મદદ કરે છે. દિશાસૂચન - માર્ગદર્શન કરે છે. ઘણી વખતે કામચલાઉ તત્કાળ અમુક વિશિષ્ટ શક્તિ, બુદ્ધિ, પ્રેરણા, પ્રદાન કરે છે અને વ્યક્તિનું જે તે કાર્ય પૂર્ણ થતાં તે વિશિષ્ટ શક્તિ વિરામ પામે છે.

માનવીના સાત્ત્વિક પુરુષાર્થમાં પ્રાણ, બળ પૂરવા, સહાયતા કરવા પરમાત્મા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે દોડી આવે છે. જેવી રીતે મુશ્કેલીમાં મૂકાયેલા બાળકને બચાવવા, સહાય કરવા માતા ત્વરાથી દોડી આવે છે. સંનિષ્ટ, નિર્દોષ, નિઃસહાય બાળકોને મદદ કરવા પરમાત્મા હંમેશા તત્પર જ હોય છે. જરૂર છે આપણે બાળક જેવા નિર્મળ, નિર્દોષ બનવાની.

સંસારની સમસ્યાઓ સૂલઝાવવા માટે આપણે સઘન પ્રયત્ન કરવો જોઈએ. પુરુષાર્થ આદરવો જોઈએ. આપણો પુરુષાર્થ વામણો પુરવાર થાય ત્યારે ભગવાનને અંતરના ઊંડાણથી પ્રાર્થના કરીએ છીએ. પરમાત્માની સહાયની, શક્તિની, પ્રેરણાની યાચના કરીએ. આપણા પુરુષાર્થનો એકડો ઘૂંટાય પછી જ પરમાત્માની મદદ મળી શકે. પુરુષાર્થના એકડા આગળ બુદ્ધિ, શક્તિ, પ્રેરણા, સહાયના મીંડા મૂકી પુરુષાર્થની કિંમત, શક્તિ અનેકગણી વધારી દે છે. આપણા પુરુષાર્થની જ્યોતને પ્રજ્જવલિત રાખવા માટે પરમાત્માની કૃપાનું, મદદનું, આશીર્વાદનું ઇંધણ પૂરાતું જ રહેશે. પુરુષાર્થની જ્યોત જલાવવાનો પ્રયત્ન આપણે ચાલુ રાખીશું અને પરમાત્મા મારી સાથે જ છે તેવી આત્મશ્રદ્ધા સાથે સમસ્યાઓને, સંઘર્ષોને સુલઝાવવાનો પ્રયત્ન કરીશું તો પરમાત્માની વિરાટ શક્તિ, બુદ્ધિ, પ્રેરણા આપણામાં સંક્રાંત થતી વર્તાશે જ.

પરમાત્માની ગેબી સહાય કોઈ વ્યક્તિના કે પરિસ્થિતિના રૂપમાં મળી હોય તેવા અનુભવો આપણા જીવનમાં ઘણી વખત બનતા હોય છે, જેને આપણે ઘણી વખત ચમત્કારમાં ખપાવીએ છીએ અને પરમાત્માની શક્તિનું અભિવાદન કરીએ છીએ. **આપણે આપણા પુરુષાર્થનો એક હાથ લંબાવીશું તો પરમાત્મા તેમના હજાર હાથ લંબાવી મદદ કરશે જ. જરૂર છે આપણી અખૂટ શ્રદ્ધા, અનન્ય શરણાગતિ અને અથાગ પુરુષાર્થની.**

પરમાત્માની વિરાટ શક્તિ કઈ રીતે કામ કરે છે અને પરમાત્મા સ્વયમ્ કયા સ્વરૂપે અવતરે છે - પ્રગટ થાય છે અને તેના ભક્તોને મદદ કરે છે તે નીચે દર્શાવેલા થોડા અનુભવોથી જોઈએ.

૧. ન્યુજર્સી અમેરિકામાં ચિંતન મુકેશભાઈ નામે એક યુવક મધરાતે મોટર વે પર ગાડી બગડી જવાથી નિઃસહાય દશામાં ઉભો હતો, અને માતાજી તેમજ ગરુદેવને મદદ માટે પ્રાર્થના કરતો હતો. વિરુદ્ધ દિશામાં જતી ગાડીમાંથી બે અમેરિકન ભાઈઓએ આ યુવાન ચિંતનને મદદ કરી અને તેની સાથે તેના ઘરે જઈ તેના માતાપિતાને સોંપી આવ્યાં. તેઓએ કહ્યું કે “કોઈક અગોચર શક્તિએ અમને પ્રેરણા કરી અને અમે મદદ માટે આવ્યા.

૨. રાજયોગીને કાંકણપુર ગામે જતાં રસ્તામાં લૂંટારાઓએ લૂંટી લીધા પણ લૂંટારાના સરદારના કાનમાં અવાજ સંભળાયો કે, “આ તો માતાજીનો ભક્ત છે તેને છોડી દો.” લૂંટારાના સરદારને આવું કહેનાર કોણ હશે ?

૩. “સાહેબ તમને તો ઠંડુ દૂધ ભાવે છે” એમ કહીને ગરમ દૂધનો પ્યાલો કે જેમાં ગરોળીનો ગલ પડ્યો છે તે ગ્લાસ વેઈટરના સ્વરૂપમાં આવીને કોણ બદલી ગયું ?

૪. નરસિંહ મહેતાની હૂંડી, કુંવરબાઈનું મામેરુ, શામળશાના વિવાહ તેમજ માતા-પિતાના શ્રાદ્ધ વેળાએ નરસિંહ મહેતાને સ્વયમ્ પરમાત્માએ માનવ રૂપ ધરીને મદદ કરી હતી.

૫. મીરાંબાઈ, સખુબાઈ, સુરદાસ જેવા અનેક નામી - અનામી ભક્તોને પરમાત્માની દિવ્ય શક્તિએ જ મદદ કરી છે.

ત્યારબાદ જન્માષ્ટમીના પર્વ નિમિત્તે કોઈપણ પ્રકારની માન્યતાથી રમાતા જુગાર પ્રત્યે નારાજગી વ્યક્ત કરતાં તેઓશ્રીએ કહ્યું કે. જન્માષ્ટમી નિમિત્તે જુગાર રમવું સારું નથી. આ પર્વને દિવસે જુગાર રમનાર આવતા ભવમાં ભિખારી થશે. તેઓશ્રીએ ભક્તોને કહ્યું કે, તમારા મિત્રોને પણ આ સમાચાર કહેજો..૧૯૯૪-૧૯૯૫માં તેઓશ્રીએ શ્રીકૃષ્ણ સાથેની સરખામણીમાં લખેલ કવિતામાં કેટલીક પંક્તિઓ ઉમેરીને તેમણે વાંચી...

**ખુદને ખબર નથી, હું શું લખી રહ્યો છું**
**શા માટે શ્રીકૃષ્ણને સરખાવી રહ્યો છું.**

**માતૃત્વ તણો સ્પર્શ યશોદાને શ્રીકૃષ્ણનો**
**માતૃત્વ તણો સ્પર્શ પરમેશ્વરીનો રાજયોગીને....**
**ધારણ કર્યો હતો ગોવર્ધન અંગૂલિના સહારે**
**ધારણ કર્યું છે નિલોષા, સેવા તણા સહારે....**
**ધર્યું જ્ઞાન, જગતને ગીતાતણું ધર્યું કર્મ, જગતને સેવા તણું....**

**પરમાત્મા મનુષ્યરૂપે અવતાર લે છે ત્યારે અસુરો, આતંકવાદીઓના વિનાશ અને ધર્મની પુનઃ સ્થાપના તેમજ સંતોના રક્ષણ માટે જ ફક્ત અવતરણ નથી કરતા પરંતુ પોતાના જીવન, કવન, વાણી, વર્તન, વ્યવહાર દ્વારા માનવજાતને જીવન જીવવાની શીખ આપે છે. પરમાત્માની વિરાટ શક્તિને સમજવાનો પ્રયત્ન કરતા રહીએ તેવા આશીર્વાદ સહ........... ૐ મા ૐ**

## (૮) "જન્માષ્ટમી - ૨૦૦૮"

**(શ્રદ્ધા - કૂટિરમાં, પરમ પૂજ્ય ગુરુદેવના સાનિધ્યમાં તા. ૨૪-૮-૨૦૦૮ ના રોજ ઉજવાયેલ, જન્માષ્ટમી મહોત્સવનો અહેવાલ)**

આજે તા. ૨૪-૦૮-૨૦૦૮ વર્ષ આઠ મહિનો આઠ અને તારીખમાં ૨ ને ૪ વડે ગુણો તો આઠ.... અર્થાત્ શ્રદ્ધા અને શરણાગતિ - બે સૂત્રોને દિવસના ચારેય પ્રહર, જીવનની ચારેય અવસ્થા, ચારેય ઋતુઓમાં ગુણ્યા હશે તો રોજ આઠમ, અર્થાત્ તમારામાં શ્રીકૃષ્ણનો જન્મ અને આજે તિથિ ય આઠમ છે... કેવો સંયોગ....

શ્રદ્ધા કૂટિર, સાદાઈથી સજાવાઈ છે. મંદિરના દ્વાર પર આકર્ષક તોરણ છે. શ્રદ્ધા મંદિરમાં, પારણામાં શ્રીકૃષ્ણને પધરાવ્યા છે. એક બાજુ મોરની મૂર્તિઓ છે. કૂટીરના આંગણે ખૂબ સરસ તોરણ છે જેમાં આઠ ઝૂલ છે. અર્થાત્ આજનો ઉત્સવ, આઠેય અંગથી ઉજવજો. ભારત દેશની આઠેય દિશાઓમાં આજે આ ઉત્સવ ઉજવાશે જેણે શ્રીકૃષ્ણ અથવા એમના સખા, પૂજ્યશ્રીને જીવનમાં ઊતાર્યા તેમને આઠ સિદ્ધિઓ પ્રાપ્ત થશે.

કૂટીરની બાકીની ત્રણેય બાજુએ તોરણ બાંધ્યા છે જેમાં પાંચ, પાંચ, ઝૂલ છે... અર્થાત્ અહીં આજે પધારનાર પ્રભુના દર્શન એટલે પાંચ તીર્થ, પાંચ પિતૃતીર્થ અને પાંચ સરોવરમાં સ્નાનનું પુણ્ય... ઝૂલાને પણ શણગારાયો છે. ચારેય સાંકળને તોરણથી સજાવાઈ છે. ઝૂલાની ઉપર પણ એક પારણું બંધાયું છે જેમાં યશોદાનો લાલો ઝૂલે છે અને નીચે માતનો લાલો કે પરસનબાનો રાજા ઝૂલશે.. કૂટીરમાં એક બાજુ મટકી અને એક બાજુ તાંસળી લટકાવાઈ છે. આખોય કૂટીર ચોક, ભક્તોથી ઉભરાય છે. કારણ આજે સાક્ષાત્ શ્રીકૃષ્ણ સ્વરૂપની ઝાંખી થવાની છે.

કૂટીરમાં ચારેય બાજુ ઉત્સાહ અને ઉત્સવ આનંદ દૃશ્યમાન છે. ગાયકવૃંદે,

સુંદર ગીત શરૂ કર્યું છે. "કુંજ મેં બિરાજે, ઘનશ્યામ રાધે રાધે..." ભક્તોનો તાળીઓનો સંગાથ અને સહુની તન્મયતા... ખૂબ સુંદર વાતાવરણ સર્જાયુ છે અને બરાબર ૬-૨૩ મિનિટે પૂજ્યશ્રીની પધરામણી થઈ છે. કૃષ્ણઘેલા નયનો, પૂજ્યશ્રીની ઝાંખી કરવા અધીરા થયા છે. કેસરી અચકન, સુરરવાલ અને ખેસમાં પૂજ્યશ્રી સંપૂર્ણ શ્રીકૃષ્ણ જેવા દેખાય છે. આકર્ષક મુખમુદ્રા, મલકતું સ્મિત, આશિષ આપતો હાથ અને નટખટ ચાલ.... આજનું પૂજ્યશ્રીનું સ્વરૂપ એટલું સોહામણું છે કે બસ નીરખ્યા જ કરીએ એક ભક્તે ખૂબ સુંદર કહ્યું છે કે.....

**અંતર ભીંજાયા વિના ઉભરા ન આવે,**
**મનમેલા રાખે એને નજર ન આપે....**

પણ અહીં તો સહુ પૂજ્યશ્રીના ઘેલા - સહુને પ્રેમમય નજરથી પૂજ્યશ્રીએ આવકાર્યા છે. પૂજ્યશ્રીની સાથે પૂ.બહેનજી, પૂ. મમ્મીજી અને પૂ. ઉષાબહેન છે. પૂજ્યશ્રીના સ્વાગતમાં બાળકનૈયો પણ ઉભો છે.. માથે મુગુટ, હાથમાં વાંસળી સાથે તે ખૂબ આકર્ષક લાગે છે... સાથે સાથે ભજન પણ ગવાય છે કે "શ્રદ્ધામાં બિરાજે, ઘનશ્યામ રાધે રાધે...." અંતરના આનંદ સાથે આજના મહોત્સવની શરૂઆત થઈ છે.

મુંજાલભાઈએ "કસ્તુરી તિલકમ્ લલાટે" ના શ્લોકનું ગાન કર્યું છે તેમણે કૃષ્ણ - રાધાને સંવાદ કહ્યો....

રાધા કહે : હું તમારી અભિન્ન, માયા શક્તિ ખરી ?
કૃષ્ણ : હા.
રાધા : પરજન, સ્વજન અને સ્વમોહિતા માયા વાળી સખી ખરી ?
કૃષ્ણ : હા.
રાધા : તો હવે મારે સખી નહીં, પણ સખા થઈને આવવું છે.

રાધાષ્ટમીએ જ જન્મેલા... રાધા નહીં પણ રાજા, એવા પૂજ્યશ્રી શ્રીકૃષ્ણના સખા છે અને જ્યારે પૂજ્યશ્રી ઝૂલા પર બિરાજમાન થયા છે ત્યારે જ શ્રીકૃષ્ણ જન્મ થઈ ચૂક્યો છે એક પારણામાં બે કૃષ્ણ સંગ મેં જોયા... એક શ્યામ રંગ સોહે, એક ગૌર રંગ સોહે... ગુરુ-ગોવિંદ બંને સ્વરૂપે આજે પરમાત્મા બિરાજમાન છે.

મુંજાલભાઈએ કહ્યું કે, શ્રીકૃષ્ણનું એક નામ છે. ગોવર્ધનધારી ગો એટલે સૃષ્ટિ અને વર્ધન એટલે વિકાસ.. સૃષ્ટિના સાતત્યને જેમણે ધારણ કર્યું છે... શ્રીકૃષ્ણનો આધાર રાધા છે... સતત રાધા રાધા બોલો તો આધાર બોલાય... જગતમાં લોકોને રાધાની અને શ્રીકૃષ્ણની વાંસળીની ઈર્ષ્યા આવે... કોઈકે વાંસળીને પૂછ્યું કે, તને ઉંઘ નથી આવતી ? વાંસળી કહે... કેમ ? તો કહે શ્રીકૃષ્ણના મુલાયમ

હોઠનું ઓશીકું હોય અને તારા પગ દબાવતા હોય એમ એમની નાજુક આંગળીઓ ફરતી હોય, તો ઊંઘ તો આવે જ ને ? તો હવે ગવાયું છે "રાધાનું નામ, તમે વાંસળીના સૂરમાં, વહેતું ના મેલો ઘનશ્યામ..." આ શબ્દભાવ ને સહુએ તાળીઓથી વધાવી લીધો...

મુંજાલભાઈએ કહ્યું કે, "ગોરસ" એટલે ગો-સૃષ્ટિ અને રસ - રસનું કેન્દ્ર. કોઈ ધર્મમાં એવો ભગવાન નથી, જે રમે, રડે, રિસાય, નાચે, આવો મુક્ત પ્રભુ તમને ક્યાંય નહીં જડે. તો હવે ગવાયું છે. "કાનજી તારી મા કહેશે પણ અમે કાનુડો કહીશું..." આ ગીતને પણ બધાએ વધાવ્યું... હવે ગવાયું છે... "જાતે વાંકો ને વાંકી તારી મોરલી રે..." બંને ગીતોને હાજર ભક્તોએ તાળીઓથી વધાવી લીધા... બાળ રાધા અને બાળ કૃષ્ણ પૂજ્યશ્રીના ઝૂલા પાસે ઉભા રહીને વિવિધ મુદ્રાઓ દ્વારા પ્રસંગને દિપાવે છે. બાળકૃષ્ણની આવા હાવભાવથી ભક્તો આનંદિત છે.

પૂજ્યશ્રીના આશીર્વચનનો એક એક શબ્દ અને તેમાં છુપાયેલ આદેશનું આચરણ જ, આજના ઉત્સવને સાર્થકતા પ્રદાન કરશે..

પૂજ્યશ્રીની આ રચનાના શબ્દભાવ અને સખાભાવને ભક્તોએ વધાવી લીધો.

હવે પૂજ્યશ્રીને વિનંતી થઈ છે કે, આજના મહોત્સવે પોતાનું પ્રિય ગીત ગવડાવે... પૂજ્યશ્રીએ ગાયું છે... "જય જય શ્રીકૃષ્ણ વ્હાલા, યશોદાનો લાલો..." ગાયકવૃંદના ગજબના સાથથી આ ગીત પર ભક્તો ઝૂમ્યા.... કેટલાકે નર્તન કર્યું. બાળકૃષ્ણ, રાધા અને ગોપીઓ પણ નર્તનમાં જોડાયા. પૂજ્યશ્રીના કંઠની મધુરતા, મુખારવિંદના ભાવ, આરોહ-અવરોહ અને તાલ સાથેની અલગ અલગ તનમુદ્રાઓ ખરેખર આનંદદાયક હતી.. પૂજ્યશ્રીના આ ભાવને નિરખવા, એ પણ આ મહોત્સવની વિશેષતા ગણાય.

બરાબર ૮-૦૫ વાગે ત્રણ ૐ કાર, ૨૭ પરમશક્તિ મંત્ર, પરમશક્તિ આરતી, નવસૂત્ર પઠન અને જય કાના કાળાની આરતી સાથે આજના મહોત્સવને પૂર્ણ જાહેર કરતાં પહેલા પૂ. બહેનજીએ કહ્યું કે, મટકી ફોડમાં પ્રસાદ માટે થતી પડાપડીને ટાળવા, મટકીનો પ્રસાદ અહીં જ બધાને મળશે તથા પંચાજીરી અને અન્ય પ્રસાદ કૂટીર પૂર્ણ થયે મળશે.

આજના ઉત્સવે, પૂજ્યશ્રીના ચરણોમાં એક જ પ્રાર્થના કે, હે ગુરુદેવ, અમારા જીવનમાં શ્રીકૃષ્ણ સરીખો આનંદ ભરી દો, નવસૂત્રના આચરણ થકી અમારા જીવનને આધ્યાત્મિકતાથી સજ્જ કરી દો.

આપને અમારા સહુના સાષ્ટાંગ પ્રણામ.

**ૐ મા ૐ**

# સમાચાર

## -: આસો નવરાત્રી :-

તા. ૩૦-૦૯-૦૮ મંગળવારથી તા. ૦૮-૧૦-૦૮ સુધી નવદિવસની આસો નવરાત્રી છે.
અનુષ્ઠાન તેમજ વિશિષ્ટ ઉપાસના કરતા ભાવિકોને પૂજ્યશ્રી આશીર્વાદ પાઠવે છે.

## -: નૂતન વર્ષ :-

તારીખ ૨૯-૧૦-૦૮ નોબુધવારે નૂતન વર્ષ છે.
ભાવિકોને નૂતનવર્ષાભિનંદન સહ આશીર્વાદ.
**શ્રધ્ધા કુટીરમાં પૂજ્યશ્રીના દર્શનનો લાભ મળી શકશે.**
સવારે ૯-૦૦ થી ૧-૦૦ વાગ્યા સુધી.

## નિલોષા પર પૂજ્યશ્રીના કાર્યયજ્ઞની માહિતી

| નિલોષા - પૂજ્યશ્રીનો કાર્યયજ્ઞ બંધ રહેશે. | નિલોષા - પૂજ્યશ્રીનો કાર્યયજ્ઞ ચાલુ થશે. |
|---|---|
| તા. ૧૭-૧૦-૨૦૦૮ થી તા. ૩૦-૧૧-૨૦૦૮ | તા. ૦૧-૧૨-૨૦૦૮ મંગળવારથી |
| તા. ૧૯-૧૨-૨૦૦૮ થી તા. ૦૨-૦૨-૨૦૦૯ | તા. ૦૩-૦૨-૨૦૦૯ મંગળવારથી |

**(૧) ૨૦૦૯થી સેવાદિન અને માનવતાદિન ઉજવવામાં આવશે નહીં.**

**(૨) ૨૦૦૯ થી આધ્યાત્મિક કેડી મેગેઝીન બંધ કરવામાં આવશે.**

**(૩) ગુરુપૂર્ણિમાં પર્વે સામુહિક મંત્રદિક્ષા આપવામાં આવશે નહીં. યજ્ઞોપવિત અને પરિણય સંસ્કાર કરી આપવામાં આવશે. પરંતુ અગાઉથી જણાવવાનું રહેશે.**

**(૪) પૂજ્ય ગુરુદેવની રાજવાણી, અમૃતવાણી તથા પ્રોગ્રામની માહિતી વ્યક્તિગત ઈમેલ ઉપર તેમજ પૂજ્યશ્રીની વેબ સાઈટ ઉપર આપવામાં આવશે.**

visit us at : **www.rajyoginarendraji.com**

# પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશનો કાર્યક્રમ

## ઈંગ્લેન્ડ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭-૧૨-૦૮ | શનિવાર સાંજે | ૩ થી ૫ | ૯ ઓલ્ફીન લેસ્ટર | પ્રદીપ વડેરા | ૦૧૧૬૨૩૫૪૬૧૧ |
| ૨૮-૧૨-૦૮ | રવિવાર સાંજે | ૩ થી ૫ | ૯ ઓલ્ફીન લેસ્ટર | પ્રદીપ વડેરા | ૦૧૧૬૨૩૫૪૬૧૧ |
| ૦૩-૦૧-૦૯ | શનિવાર સાંજે | ૩ થી ૫ | ૯ ઓલ્ફીન લેસ્ટર | પ્રદીપ વડેરા | ૦૧૧૬૨૩૫૪૬૧૧ |
| ૧૭-૦૧-૦૯ | શનિવાર સાંજે | ૩ થી ૫ | વેમ્બલી લંડન | સુશીલાબેન પોપટ | ૦૨૦૮૯૦૨૩૦૨૯ |
| ૧૮-૦૧-૦૯ | રવિવાર સાંજે | ૩ થી ૫ | વેમ્બલી લંડન | સુશીલાબેન પોપટ | ૦૨૦૮૯૦૨૩૦૨૯ |

## અમેરિકા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦-૦૧-૦૯ | શનિવાર સાંજે | ૪ થી ૬ | ઓર્નાલ્ડો | દશરથભાઈ પટેલ | ૩૫૨૭૪૮૮૮૮૩ |
| ૧૧-૦૧-૦૯ | રવિવાર સાંજે | ૪ થી ૬ | વાઈલ્ડવુડ | દશરથભાઈ પટેલ | ૩૫૨૭૪૮૮૮૮૩ |

## નૂતન વર્ષનો સંદેશ

વ્હાલા આત્મિયજનો,



પરમાત્માને આપણા જીવનનું
કેન્દ્રબિંદુ બનાવીએ.
આપણે તેની ત્રિજ્યામાં
કેન્દ્રબિંદુથી જોડાયેલાં જ રહીએ.
પરમની દિવ્ય ચેતનાનો સ્પર્શ
આપણી ચેતનાને ચેતનવંતી બનાવશે
આપણા આભામંડળને પ્રકાશીત કરશે.

ૐમાૐ

પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીના
આશીર્વાદ સહ નૂતનવર્ષાભિનંદન